પાટણનું ગૌરવ



રાણી ની વાવ (ઈ. સ. ૧૧૦૦)

# પાટણ પ્રતિબિંબ

વર્ષ ૯ ■ અંક ૧૨ ■ સળંગ અંક ૧૦૬ ■ મુંબઈ ■ ઓક્ટોબર ૨૦૧૫ ■ પાના ૨૪
■ છૂટક નકલ રૂા. ૨/- ■ RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

Tel.: 2281 1346 22811218 ■ Mobile: 9167902267 ■ www.patanmandal.org ■ Email : patanmandal@gmail.com

### સંસ્થાના ૧૦૩ વર્ષના ઈતિહાસમાં કેળવણી ક્ષેત્રે વિકાસની હરણ ફાળ

શ્રી પાટણ જૈન મંડળની ઉત્તરોત્તર વધતી જતી પ્રવૃત્તિઓને આખો સમાજ હૃદયપૂર્વક આવકારે છે અને તેથી જ સંસ્થા પ્રત્યે દાનવીરોનો વિશ્વાસ અને શ્રદ્ધા વધતી રહી છે.
ઐતિહાસિક સિમાચિહ્ન સમી કૉલેજ માટે સૌથી મોટી અદ્વિતિય અને માતબર સખાવત સંસ્થાને મળશે.

### શતાબ્દિ ઉજવણી વર્ષ

**સંસ્થા ૧૦૪મા વર્ષમાં પ્રવેશે છે**
તા.૧૬-૧૨-૨૦૧૫ થી તા. ૧૬-૧૨-૨૦૧૬
ભવ્ય ઉજવણીની શુભ શરૂઆત તા. ૧૬-૧૨-૨૦૧૫, બુધવાર,
**માનનીય શ્રી ઓ. પી. કોહલી**
ગર્વનર ઓફ ગુજરાતના વરદ હસ્તે

## રૂા. ૮,૭૫,૦૦,૦૦૦/- (રૂપીયા આઠ કરોડ પંચોતેર લાખ)

### મુખ્ય દાતાશ્રીઓ



શ્રી કાંતીલાલ નાનાલાલ સાલવી



શ્રીમતી ભગવતીબેન કાંતીલાલ સાલવી

**કૉલેજ સંકુલના દાતા :**
રૂા. ૩ કરોડ - શ્રી હેમંતભાઈ કાંતિલાલ નાનાલાલ શાહ (સાલવી)
(સાલવી વાડો)



શ્રી સેવંતીલાલ ખેમચંદ શાહ

**એસ. કે. કૉલેજ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીના દાતા :**
રૂા. ૩ કરોડ - સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ
(કુંભારીયા પાડો)



શ્રીમતી સુભદ્રાબેન રમણલાલ શાહ



શ્રીમતી પ્રવિણાબેન પ્રદીપભાઈ શાહ

**પ્રદીપ કૉલેજ ઓફ કોમર્સ અને મેનેજમેન્ટના દાતા :**
રૂા. ૧.૫૦ કરોડ - શ્રી પ્રદીપભાઈ રમણલાલ પોપટલાલ શાહ
(પ્રદીપકુમાર એન્ડ કું.)
(કુંભારીયા પાડો)



શ્રીમતી વસુમતીબેન સેવંતીલાલ શાહ



શ્રી સેવંતીલાલ અંબાલાલ શાહ

**વસુમતી સેવંતીલાલ કૉલેજ ઓફ આટર્સ, માસમીડીયા એન્ડ ફેશન ડીઝાઈનીંગના દાતા :**
રૂા. ૧.૨૫ કરોડ - શ્રી સેવંતીલાલ અંબાલાલ શાહ પરિવાર
(કે. સેવંતીલાલ એન્ડ કું.)(ચિતારાની ખડકી)

# શ્રી પાટણ જૈન મંડળ

## પ્રોગ્રામ સમિતિ

આયોજિત

**શ્રી મણિલાલ લલ્લુચંદ શાહ (અતુલ ડ્રગ હાઉસ) પરિવાર**

પ્રેરિત

## નૂતન વર્ષ સ્નેહ સંમેલન



## હાર્દિક આમંત્રણ

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા પાટણના ભાઈ–બહેનો માટે, સૌ સામૂહિક રીતે સાથે મળ્યાનો આનંદ માણી શકે, તેવી શુભ ભાવનાથી મરીન ડ્રાઈવ પરના એસ.કે. સોમાણી એસી હોલ **(હિન્દી વિદ્યાભવન સ્કુલ)** ખાતે મરીન ડ્રાઈવ ખાતે અલ્પાહારની સુંદર વ્યવસ્થા સાથે, **સંવત ૨૦૭૨ના નૂતન વર્ષ સ્નેહ સંમેલન**નું નીચેની વિગતે આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થાના નિમંત્રણને સ્વીકારી સ્નેહ સંમેલનમાં સમાજના સર્વ પરિવારોને પધારવા અમારું આમંત્રણ છે.

**દિનાંકઃ રવિવાર, તા. ૨૨–૧૧–૨૦૧૫, કારતક સુદ ૧૧, સમયઃ ૪.૩૦ થી ૭.૦૦ કલાકે**

**અલ્પાહાર સાંજે ૪.૩૦ થી ૬ કલાકે. (સૂર્યાસ્ત પછી અલ્પાહાર કાઉન્ટર બંધ થશે)**

**સ્થળ : શ્રી પાટણ જૈન મંડળ કમ્પાઉન્ડ, મરીન ડ્રાઈવ, મુંબઈ – ૪૦૦ ૦૨૦**

તા.ક. : નૂતન વર્ષ સ્નેહ સંમેલનના વ્યક્તિગત નિમંત્રણ કાર્ડ મોકલવામાં આવશે નહીં.

### ખાસ નોંધ

- ૦ આ પ્રસંગે સાંજે ૬ થી ૭ કલાકે લકી ડ્રોનું આયોજન રાખેલ છે જેમાં વિવિધ આકર્ષક ઈનામો આપવામાં આવશે.
- ૦ નૂતન વર્ષ સ્નેહ સમેલન સમારંભ હિન્દી વિદ્યાભવન સ્કુલના હોલમાં રાખવામાં આવેલ છે.



## પ્રમુખ સ્થાનેથી...

શ્રી પાટણ જૈન મંડળની સ્થાપના વખતે કેળવણીને સૌ પ્રથમ પ્રાધાન્ય આપેલ. કેળવણીને લગતી સંસ્થાઓ ખોલવી, ચલાવવી અને સમાજને કેળવણી માટે વધુમાં વધુ ઉત્તેજન આપવું. આ મૂળભુત ઉદ્દેશ્યને સંસ્થાએ સંપૂર્ણપણે જાળવી રાખેલ છે. બાળમંદિર થી હાયર સેકેંડરી સુધીની હાઈસ્કુલની સાથે ઉચ્ચ અભ્યાસાર્થે આર્ટસ, સાયન્સ અને કોમર્સ કૉલેજ શરૂ કરવા સંસ્થાએ કટિબદ્ધતા દર્શાવી છે. સમાજના વિદ્યાર્થી ભાઈ બહેનોને મંડળની સ્થાપનાથી અત્યાર સુધી વિદ્યાભ્યાસ માટે મંડળે સંપૂર્ણપણે શિષ્યવૃત્તિ સહાય દ્વારા આર્થિક સહયોગ પૂરો પાડેલ છે. શિક્ષણનો વ્યાપ અને જ્ઞાન ઉચ્ચકક્ષાએ પ્રાપ્ત થતો રહે તે હાલના સમયની તાતી જરૂરિયાત છે. **સમાજ સુશિક્ષિત હશે તો આર્થિક સદ્ધરતા અને સમૃદ્ધિ આપોઆપ આવશે અને સમૃદ્ધ અને સ્થિર સમાજ ઉત્તરોત્તર પ્રગતિ સાધશે.**

### સિમાચિન્હ માતબર સખાવત

શ્રી પાટણ જૈન મંડળના ૧૦૩ વર્ષના ઈતિહાસમાં મંડળ સંચાલિત આર્ટસ, સાયન્સ અને કોમર્સ કૉલેજ તથા તેના સંકુલ માટે સમાજના આગેવાન દાતાશ્રીઓ દ્વારા દાનનો વિપુલ પ્રવાહ રૂા. ૮ કરોડ ૭૫ લાખ પ્રાપ્ત થનાર સખાવતોથી સંસ્થા શૈક્ષણિક ક્ષેત્રે ઉચ્ચતમ નવા શિખરો સર કરશે.

મંડળની પ્રગતિ અને વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા અને સુવ્યવસ્થિત સુંદર આયોજનો થકી, સમાજ વિકાસ અને સમૃદ્ધિ માટે હરણફાળ ભરી રહ્યું છે, સમાજના નાના મોટા સર્વે દાતાઓનો સંસ્થા પ્રત્યે અવિરત વિશ્વાસ અને શ્રદ્ધા વધતા રહ્યા છે. દાતાઓના દાનનો સંપૂર્ણપણે, ઉપયોગ થઈ રહ્યો છે અને તે વિશ્વાસે જ સંસ્થામાં કરોડો રૂપિયાના દાનના પ્રવાહનો ધોધ વધતો રહ્યો છે, તે બદલ નાના મોટા સૌ દાતાઓનો હું અંતઃકરણ પૂર્વક આભાર માનું છું.

કૉલેજ માટે પ્રાપ્ત થનાર રૂા. ૮ કરોડ ૭૫ લાખના સખીદાતાઓ **શ્રી હેમંતભાઈ કાંતીલાલ નાનાલાલ શાહ** (સાલવી), **શ્રી સેવંતીલાલ કાંતીલાલ ટ્રસ્ટ, શ્રી પ્રદિપભાઈ રમણલાલ પોપટલાલ શાહ** તથા **શ્રીમતિ વસુમતીબેન સેવંતીલાલ અંબાલાલ શાહ** પરિવારો તરફથી પાટણ ખાતે નૂતન કૉલેજની ત્રણે ફેકલ્ટીઓ માટે અભૂતપૂર્વ દાનનો પ્રતિસાદ સાંપડેલ છે તેથી મંડળના ઈતિહાસમાં સોનામાં સુગંધ ભળે છે.

દાતા પરિવારોની ઉદાર સખાવત બદલ ભૂરી ભૂરી અનુમોદના તથા દાતા પરિવારના સૌ કુટુંબીજનોએ મંડળમાં વિશ્વાસ અને શ્રદ્ધા સાથે સખાવત આપવાની ઉદારતા દર્શાવેલ છે, તે સૌ પરિવારોને

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૫)

## *From President's Desk...*

Shree Patan Jain Mandal has always given importance to Education since its inception. It has encouraged education at all levels, from Pre-Primary School to College and for Specialised studies. Students have been given financial help and scholarships for their educational needs. Spreading knowledge and awareness about its importance is most vital in today's times. **Sound Education leads to Prosperity and Culturally Rich Community.**

### MILESTONE DONATIONS

In the history of 103 years of PJM, we are fortunate to receive a magnanimous donation of Rs. 8 Crore and 75 lakhs for the Arts, Science & Commerce Colleges and the Campus at Patan. We are grateful to donor families of Shri Hemantbhai Kantilal Nanalal Shah (Salvi), Sevantilal Kantilal Trust, Shri Pradipbhai Ramanlal Popatlal Shah and Shrimati Vasumatiben Sevantilal Ambalal Shah.

I wish to thank them from the bottom of my heart for their great contribution. I and the entire Patan community shall always be grateful to them for their large hearted donations and promise them that we will do our utmost to ensure that the Colleges will achieve the **highest level of Excellence in Education.**

### College Building – Foundation Stone

The Foundation Stone of the Colleges at Patan will be laid on 16th December 2015 by the Honourable Governor **Shri O P Kohli.** I warmly invite all Patanis for this auspicious occasion.

### PATAN PANJRAPOLE

Ahimsa is rooted deeply in the genes of all Jains. No wonder that our forefathers have established Panjarpole more than a century back where disabled, aged and handicapped animals are taken care of. **Through Animal Adoption Scheme, Shree Patan Panjrapole wishes to achieve the target of Rs. 5 Crore for these helpless animals.** Shree Patan Panjrapole has organized a Musical

(Cont'd on Pg 5)




**તા. ૪-૧૦-૨૦૧૫ના રવિવારના રોજ બોરીવલી - દહીસર પાટણ જૈન મિત્રમંડળનો શુભારંભ** કાર્યક્રમ દબદબાપૂર્વક સંપન્ન થયો હતો, જેમાં ૩૫૦ જેટલી વ્યક્તિઓએ ભાગ લીધો હતો.

સવારે ૯.૩૦ કલાકે એમ.કે. સ્કુલ ખાતેના હોલમાં દિપ પ્રાગટ્ય દ્વારા કાર્યક્રમની શુભ શરૂઆત કરાઈ હતી. આજના પ્રસંગે ઉપસ્થિત રહેલા પાટણ જૈન મંડળના હોદ્દેદારો, સમાજના અન્ય મિત્ર મંડળના હોદ્દેદારોને મિત્રમંડળના પ્રમુખ શ્રી રાજુભાઈ તથા ટ્રેઝરર શ્રી પ્રતિકભાઈ તથા અન્ય હોદ્દેદારો દ્વારા બુકે અર્પણ કરી આવકાર આપ્યા બાદ **સમારંભ પ્રમુખ શ્રી જે.કે. શાહે ઉપસ્થિત જન સમૂહના તાળીઓના ગડગડાટ વચ્ચે મિત્ર મંડળનું વિધિસર ઉદ્‌ઘાટન કર્યું હતું.** આ પ્રસંગે તેઓએ ભુતકાળના સંસ્મરણોની યાદ અપાવી નવી સંસ્થાઓને મજબુત કરવા સદાય સક્રિય રહેવા જણાવ્યું હતું. પ્રાસંગિક પ્રવચનમાં મુખ્ય અતિથિ **શ્રી વિરેન્દ્ર પોપટલાલ શાહે** શ્રી પાટણ જૈન મંડળની પ્રગતિની તાસીર તેમજ ભાવી આયોજનો વિશે સૌને માહિતી આપી હતી અને મંડળના પ્રોગ્રામોમાં ઉપસ્થિત રહી સમાજ સાથે પરસ્પર જોડાયેલા રહેવા સૌને અનુરોધ કર્યો હતો. ઉદ્‌ઘાટન સમારોહ બાદ **''પાટણ ગૌરવ ગાથા''**, ડોક્યુમેન્ટરી ફિલ્મ એલ.ઈ.ડી. સ્ક્રીન પર પ્રદર્શીત કરાતાં વતનની યાદમાં સૌ કોઈ ભાવ વિભોર બની ગયા હતા. ત્યારબાદ લગભગ દોઢ કલાક સુધી ડીજે સંગીતના તાલે નવયુવાનો તેમજ મોટેરાઓ મન મુકીને રાસ - ગરબા રમ્યા હતા અને છેલ્લે પરસ્પરના સ્નેહમિલન અને સ્વાદિષ્ટ ભોજનનો રસાસ્વાદ માણી સૌ કોઈ છૂટા પડ્યા.

મિત્ર મંડળના સમિતિ સભ્યોની અથાગ મહેનતથી આ કાર્યક્રમ સાકાર રહ્યો.

## દુ:ખદ નિધન

# શ્રી કંચનલાલ વાડીલાલ શાહ



શ્રી પાટણ જૈન મંડળના પૂર્વ પ્રમુખ, ટ્રસ્ટી તથા દાતા અને વ્યવસ્થાપક સમિતિના આજીવન સભ્ય, મુરબ્બી

શ્રી કંચનલાલ વાડીલાલ શાહ (ફોફલીયો વાડો-મનમોહનજીની શેરી)નું મંગળવાર, તા. ૧૩-૧૦-૨૦૧૫ ના દિને ૮૮ વર્ષની જૈફ વયે થયેલ દુ:ખદ અવસાનની સખેદ નોંધ લેતા, મંડળ અને સમાજે દુ:ખ અને આઘાતની લાગણી અનુભવી છે.

શ્રી કંચનભાઈએ શ્રી પાટણ જૈન મંડળમાં સને ૧૯૭૧થી જોડાઈ મંડળની વ્યવસ્થાપક સમિતિમાં ૪૫ વર્ષ સુધી સેવાઓ પ્રદાન કરી હતી. **સને ૧૯૮૫-૮૬ થી ૯૯/૨૦૦૦ પર્યંત ૧૫ વર્ષ સુધી ટ્રસ્ટી પદે રહેવા સાથોસાથ સને ૧૯૮૧ થી ૮૫ દરમ્યાન મંડળના પ્રમુખપદે રહી સમાજ ઉપયોગી અનેક વિધ કાર્યો દ્વારા સહાયક થયા હતા.**

શ્રી કંચનભાઈએ દવાના વ્યાપાર ક્ષેત્રે સારી નામના પ્રાપ્ત કરેલ. સદ્‌ગતશ્રીનું વ્યકિતત્વ સૌમ્ય અને સૌજન્યશીલ રહ્યું હતું. સ્પષ્ટવકતા, સરળ સ્વભાવ, સાદુ જીવન સૌ પ્રત્યે સ્નેહ-આદરભાવ, સદ્દકાર્યોમાં સદાય ઉદાર સહયોગ આપનાર સેવાધર્મ થકી જીવન ધન્ય બનાવ્યું હતું. સમાજમાં એક સદ્‌ગૃહસ્થ તરીકે આદરણીય મોભાનું સ્થાન ધરાવતા હતા.

સમાજના શિક્ષણ ક્ષેત્રે ઉચ્ચ અભ્યાસક્રમમાં જોડાયેલા વિદ્યાર્થીઓને સહાયક એવા રેફરન્સ બુક્સના ખર્ચમાં સહાયક થવાના શુભ અભિગમથી પિતાશ્રીની કાયમી સ્મૃતિ, મંડળ સાથે જળવાય રહે તેવા આશયથી **શ્રી વાડીલાલ ચુનીલાલ શાહ ઉચ્ચ પુસ્તક સહાય યોજના** સાકાર કરવા આર્થિક યોગદાન આપવામાં આવેલ. આ ઉપરાંત પાટણ ખાતેના પ્રમોદકુમાર કેશવલાલ અતિથિગૃહ નિર્માણ સમયે દાતા તરીકે પણ આર્થિક યોગદાન આપી સંસ્થાને સહાયક બન્યા હતા. **શ્રી વાડીલાલ ચુનીલાલ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા તેઓ મંડળમાં શિક્ષણ, મેડીકલ, હેલ્થકેર સેન્ટર, વિકલાંગ વિગેરે પ્રવૃત્તિઓમાં અવારનવાર ભેટની રકમ મોકલાવી છેલ્લે સુધી સહાયક થતા રહ્યા હતા.** મંડળ પ્રત્યે તેઓ અનહદ પ્રેમ અને લાગણી ધરાવતા હતા.

**ફોફલીયાવાડા - મનમોહનજીની શેરીના વર્ષો પર્યંત પ્રમુખ પદે, પાટણ પાંજરાપોળ, પાટણ જૈન ભોજનશાળા, શ્રી જોગીવાડા શામળાજી પાર્શ્વનાથ જીનાલય, વર્ધમાન તપ આયંબીલ સંસ્થા** ઈત્યાદિ સંસ્થાઓમાં પણ વિવિધ પદે રહી તેના વિકાસમાં મહત્વનો ફાળો આપ્યો હતો.

સદ્દગતશ્રી કંચનભાઈના અવસાનથી સંસ્થાને દાતા તથા સ્વજનની ન પુરાય તેવી ખોટ પડેલ છે. તેમના અવસાનથી પરિવારજનોના દુ:ખમાં, શ્રી પાટણ જૈન મંડળના સર્વે હોદ્દેદારો, ટ્રસ્ટીઓ તથા વ્યવસ્થાપક સમિતિના સભ્યો સહાનુભૂતિ વ્યક્ત કરે છે.

પરમ કૃપાળુ પરમાત્મા સદ્દગતશ્રીના આત્માને ચિર:શાંતિ અર્પે એજ પ્રાર્થના.

❑ **શ્રી પાટણ જૈન મંડળ**

## પ્રમુખસ્થાનેથી... (અનુસંધાન પૃષ્ઠ ત્રીજાથી ચાલુ)

મંડળવતી મારા હાર્દિક અભિનંદન અને તેઓ સૌ પ્રત્યે ઋણભાવના વ્યક્ત કરતા આનંદ અનુભવું છું.

**કૉલેજ બિલ્ડીંગ - ભૂમિ પૂજન**

પાટણ ખાતે કૉલેજના બિલ્ડીંગના બાંધકામ માટે મંડળના સ્થાપનાદિન ૧૬ ડિસેમ્બરના દિને ગુજરાત રાજ્યના માનનીય રાજ્યપાલ **શ્રી ઓ.પી. કોહલીના** વરદ હસ્તે **બુધવાર, તા. ૧૬-૧૨-૨૦૧૫ના** શુભ મૂહુર્તે કૉલેજના મકાનનું ભૂમિ પૂજન વિધિ સંપન્ન થશે. સૌને પાટણ ખાતે પધારવા હાર્દિક નિમંત્રણ છે.

**દાંડિયા રાસઃ**

**શ્રી પાટણ જૈન મંડળની પ્રોગ્રામ સમિતિ, જીવન મહેક અને વિલેપાર્લા ચેપ્ટર દ્વારા વિલે પાર્લા ખાતે તા. ૧૦-૧૦-૨૦૧૫ના દાંડિયા રાસના સુંદર પ્રોગ્રામનું આયોજન કરેલ,** જેમાં સમાજના બાળકો, યુવક-યુવતિઓ અને સિનિયર સીટીઝન લગભગ ૨૦૦૦, આબાલ વૃદ્ધોએ ભાગ લઈ કાર્યક્રમને ખૂબજ સફળ બનાવ્યો.

સમિતિઓ દ્વારા દાંડિયા રાસનું સુંદર આયોજન અને કાર્યકરોની મહેનત તથા શુભેચ્છક દાતાઓના દાન થકી કાર્યક્રમને ખૂબજ સફળતા મળી તે સૌ પ્રતિ હું આભારની લાગણી વ્યક્ત કરું છું.

**શ્રી પાટણ પાંજરાપોળઃ**

દરેક જૈન ભાઈ-બહેનોને જન્મથીજ જીવદયાના સંસ્કાર મળે છે, આવા સંસ્કારો થકી પાટણ ખાતે દાયકાઓ પહેલાં આપણા વડીલોએ પાટણ પાંજરાપોળની સ્થાપના કરેલ. અબોલ, અપંગ, આપાતગ્રસ્થ પશુઓની સેવા કરતી આપણી પાંજરાપોળ, વિવિધ યોજનાઓ થકી દાતાઓ પાસેથી દાન મેળવી જીવદયાનું મોટા પાયે કામ કરી રહેલ છે. **''પશુ દત્તક યોજના'' હેઠળ રવિવાર, તા. ૧-૧૧-૨૦૧૫ના** મ્યૂઝિકલ પ્રોગ્રામ દ્વારા લગભગ રૂા. ૫ કરોડનું ભંડોળ એકઠું કરવાનું આયોજન કરેલ છે. આપ સૌને વિનંતી છે કે, વાર્ષિક પશુ દત્તક યોજનામાં આપ પણ આપનો ફાળો નોંધાવી જીવદયાના કાર્યમાં સહયોગ આપશો.

**સંસ્થાના સંનિષ્ઠ મુરબ્બી કાર્યકર શ્રી કંચનભાઈ વાડીલાલ નું દુઃખદ અવસાનઃ** મંડળના પૂર્વ પ્રમુખ, ટ્રસ્ટી તથા દાતા, મુરબ્બી શ્રી કંચનલાલ વાડીલાલ શાહનું તા. ૧૩-૧૦-૨૦૧૫ના થયેલ દુઃખદ અવસાનથી, સંસ્થાને અને સમાજને એક આદરણીય દાતાની ખોટ સાલશે. મંડળમાં અને સમાજની અનેક સંસ્થાઓમાં જોડાઈને વિવિધ ક્ષેત્રે ઉદારતા પૂર્વક દાન આપેલ છે. શૈક્ષણિક, મેડિકલ અને ધાર્મિક સંસ્થાઓમાં તન-મન-ધનથી સેવાઓ આપી હતી. સદ્‌ગતશ્રીના કુટુંબીજનો પ્રત્યે દીલસોજી પાઠવતાં દુઃખ અનુભવું છું. સદ્‌ગત્‌શ્રીના આત્માને ચિર શાંતિ મળે એજ પ્રાર્થના.

❑ દિનેશ શાંતિલાલ શાહ

## FROM PRESIDENT'S DESK... (Cont. from Page 3)

evening at Jamshed Bhabha Auditorium, Nariman Point on 1st November 2015. I sincerely request all of you to donate for this Scheme and contribute to *Jeevdaya.*

**DANDIYA RAAS**

**PJM Program Committee, Jeevan Mahek and Vile Parle Chapter organized a wonderful Dandiya Raas program on 10th October 2015.** Around 2000 Patanis children, youngsters and even senior citizens participated in making this event a huge success. I appreciate and thank all Committee Members and Sponsor families of Shri Rameshbhai Chhabildas our Trustee and Shri Daneshbhai Matliwala our Vice President for making the 'Dandiya-Raas' evening a memorable event.

Lastly, I am extremely saddened to inform that our Past President, Trustee and a great Donor Shri Kanchanbhai Vadilal Shah passed away on 13th October. 2015. We will miss the generous donor and a dedicated leader. He had contributed to various funds be it Medical, Education or Religious. I offer my condolence to his family. May his soul rest in Peace.

❑ Dinesh Shantilal Shah


**P for P** Patanis *for* Patanis

**ખાખરા અને સાલેવડાં**
સ્વાદિષ્ટ સાદાં, મસાલાં, સુકવેલી મેથી, ખીચડી, ટામેટાં, કારેલાં અને કોથમીરયુક્ત ખાખરાં
નીરૂ વિનોદ શાહ - 9029315772

**CATERING SERVICE**
- 50 TO 100 PERSONS SERVICE AT Home
- Party & Marriage /Food Packet

Vinod Shah 9029310783

**ખાખરા - સ્વાદિષ્ટ નાસ્તા**
ઉચ્ચ ગુણવત્તાના સ્વાદિષ્ટ ખાખરા, ખીચિયાં, પાટણના પાપડ, વડી, ભાતવડી, વેફર વિગેરે
બિરેન સુરેશ શાહ - 9969559851

## તંત્રીસ્થાનેથી...

# નવરાત્રી – નવપદની આરાધના

સમયની તેજ રફતાર વણથંભી ને નિરંતર ચાલી રહી છે. હમણાં જ તો મહિના પહેલાં પર્વાધિરાજ પર્વની આરાધના પૂર્ણ કરી યથા શક્તિ તપ-જપ-સ્વાધ્યાય કરી શાતા મેળવી અને આવી રહી નવરાત્રી. વિક્રમ સંવતનો છેલ્લો આસો મહિનો. યુવાનો, યુવતીઓ, બાળકો સૌ કોઈ જેની રાહ જોઈ રહ્યા છે તેને આનંદોલ્લાસ સાથે વધાવી ઉજવણી કરવાની તૈયારીમાં લાગી ગયા છે. આસો સુદ ૧ થી આસો સુદ ૧૦ સુધી ચાલતો નવરાત્રી મહોત્સવ માત્ર ભારતમાં જ નહીં, પણ દેશ-વિદેશમાં વસનારી સમગ્ર ભારતની પ્રજા ધામધૂમથી ઉજવે છે. રંગબેરંગી લાઈટો ને લેઝરના ચકાચૌંધ પ્રકાશમાં, ઢોલૈયાની સાથે તાલમાં તાલ મિલાવી, વિવિધ પ્રકારની વેશભૂષા સાથે હજારોની સંખ્યામાં યુવાનો ને યુવતીઓના ટોળા મન મુકીને નાચે છે. ગરબે ઘુમતી ગુજરાતણોના પગ સંગીતના સૂર સાથે જ થિરકવા માંડે છે. આ તહેવારમાં તો નથી કોઈ સંપ્રદાયના ભેદભાવ કે નથી કોઈ નાત-જાતના બંધન, કે નથી કોઈ ઉંમરના બંધન. બસ ! મસ્ત મજાનો આનંદ માણવાનો છે, પરંતુ ભારત દેશની આર્ય સંસ્કૃતિ કંઈક બીજી દિશા તરફ ધ્યાન ખેંચે છે, તે છે આસુરી શક્તિ પર દેવી શક્તિના વિજયનું પ્રતિક.

શક્તિની અધિષ્ઠાત્રી શ્રી દુર્ગાદેવીના નવ સ્વરૂપોની, નવ પ્રકારે નવધા ભક્તિ કરવી તે છે નવરાત્રી. અસત્યની સામે સત્યનો વિજય થયો તે છે નવરાત્રીનો છેલ્લો દિવસ એટલે **દશેરા (વિજયા દશમી)**.

આ તહેવારની સાથે જ માત્ર અને માત્ર એક જૈન ધર્મમાં આવે છે અતિ મહત્વની શાશ્વતી નવપદની ઓળી. આસોસુદ સાતમથી લઈને આસો સુદ પૂનમ સુધી. આપણા ભારત દેશમાં વડા પ્રધાનપદ ઉપર પ્રધાનો બદલાતા જાય, પણ દેશ તો એનો એ જ રહે છે. ભારતનું બંધારણ પણ એનું એ જ રહે છે. તેમ **જૈન ધર્મમાં, જૈનોની સંસ્કૃતિમાં માત્ર તીર્થંકર ભગવંતો બદલાય, ગત ચોવીશી, વર્તમાન ચોવીસી, ભવિષ્યમાં આવનારી ચોવીશી, પણ શાશ્વત સ્થાને પહોંચાડનાર મહાવ્રતો જ્ઞાન, દર્શન, ચારિત્ર તપ, ત્યાગ તો એના એ જ રહે છે.**

પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાને જે કહ્યું તે જ ચોવીસમાં તીર્થંકર પ્રભુ મહાવીર સ્વામીએ કહ્યું તેથી જ જૈનો ભલે ગમે તે ફિરકાના હોય તો પણ પ્રભુના વચનો, ઉપદેશો અને શાસન ઉપર હૃદયમાં આદર, બહુમાન, ભક્તિભાવ અને શ્રદ્ધા તો અતૂટ રહે જ છે. નવપદની આરાધનાનું મહત્વ તો એકસમાન જ છે. એક સરખી તિથીએથીજ ચાલુ થાય છે, ને પૂર્ણ થાય છે. તેમાં કોઈ જ ફરક નથી. શ્રીપાળ મયણાને સ્મરણમાં રાખીને આ શ્રેષ્ઠ આરાધના કરવામાં આવે છે. શાશ્વતી ઓળી વર્ષમાં બે વાર જ આવે છે. આસો સુદ અને ચૈત્ર સુદમાં. આ નવપદમાં બિરાજમાન છે પંચ પરમેષ્ઠિ ભગવાન, જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, દેવ, ગુરુનો સમાવેશ થાય છે જે ત્રિરત્ન સમાન છે. પરમાત્મા પ્રત્યેની શ્રદ્ધા અને ધર્મ પ્રત્યેની ખુમારી જ મુક્તિની મંઝિલ સુધી લઈ જાય છે.

અરિહંત ભગવાન ઉપકારી છે, એમણે આપણને માર્ગ બતાવ્યો સિદ્ધ ભગવાન મુક્ત બન્યા, જે આપણને કહી રહ્યા છે અવિનાશી સ્વરૂપ તારું છે. આચાર્ય ભગવાને સમ્યક્ આચાર કેમ પાળી શકાય, તેનું દિગ્દર્શન કરાવ્યું છે, ઉપાધ્યાય ભગવાન જ્ઞાનનો દીવો, શ્રુતજ્ઞાનની મશાલ હાથમાં લઈ ઊભા છે.

પ્રજાપાળ રાજાની બે કુંવરી બંનેની માતા અલગ છે. મયણાસુંદરીની માતા ધર્મના સંસ્કારથી રંગાયેલી હતી અને સુરસુંદરીની માતા સંસ્કારના રંગથી રંગાયેલી હતી.

બન્નેને અધ્યાપક પાસે ભણવા મોકલી દીધી. બન્નેની માતાના સંસ્કાર જુદા છે. રુચિ જુદી તેથી બન્નેના અધ્યાપક પણ જુદા જુદા છે. ભણીગણીને તૈયાર થયેલી બન્ને કુંવરીઓની પરીક્ષા કરવાનું નક્કી કર્યું નિયત કરેલા દિવસે ને સમયે બન્નેને રાજસભામાં બોલાવી સુરસુંદરીને પહેલા પ્રશ્ન પૂછ્યો કે; ''પુણ્યથી શું મળે ?'' જવાબ મળ્યો કે, **૧) ધન ૨) યૌવન ૩) વિચક્ષણતા ૪) નીરોગી કાયા અને ૫) મનને પ્રિય એવા પતિનો મેળાપ આ પાંચ વસ્તુની પ્રાપ્તિ પુણ્યથી થાય છે.** રાજસભામાં બેઠેલા લોકોએ તો આ જવાબ સાંભળતા જ રાજી રાજી થઈને તાળીઓના નાદથી તેને વધાવી લીધી.

હવે મયણાસુંદરીનો વારો આવ્યો તેને પણ આ જ પ્રશ્ન પૂછવામાં આવ્યો તેનો જવાબ મળ્યો કે, **૧) વિનય ૨) વિવેક ૩) ચિત્ત પ્રસન્નતા ૪) શીલથી નિર્મળ શરીર ૫) મોક્ષ માર્ગની પ્રાપ્તિ.** આ પાંચ વસ્તુ પુણ્યથી મળે છે. આ જવાબ સાંભળીને રાજસભામાં બેઠેલાઓમાંથી માત્ર બે જ જણ રાજી થયા એક તો મયણાની માતા અને બીજા તેના અધ્યાપક.

પ્રજાપાળે સુરસુંદરીને ઉત્તમમાં ઉત્તમ પતિ સાથે પરણાવી અને મયણાને પૂછ્યુ તો કહે કે; ''મારા કર્મ હશે તે જ પ્રમાણે મને મળશે આપ મને કાંઈ નહીં આપી શકો.'' રાજાએ ગુસ્સે થઈને કોરિયાના નેતા ઉમરરાણા સાથે મયણાને પરણાવી દીધી. મયણાને કર્મ અને ધર્મની અતૂટ શ્રદ્ધા છે માતાના ચરણમાં પડીને કહે છે, ''હું સુખી બનીશ તેવી મને શ્રદ્ધા છે'' આગળની કથા આપણે જાણીએ છીએ.

કહેવાનો આશય માત્ર એટલો જ છે કે, અરિહંત પરમાત્મા પ્રત્યેની શ્રદ્ધા જો અતૂટ હશે તો 'અરિહંત સમો દેવો નાસ્તિ'... અરિહંત જેવા દેવ દુનિયામાં બીજા કોઈ નથી.

આ રીતે નવપદની આરાધના કરીને, પરમાત્માને આપણા ભાવપૂર્વક નમસ્કાર કરી સાચા અર્થમાં આરાધક બનીએ નવપદજીની ઓળી કરનારા આરાધકો સુખ-શાતામાં રહેશો. ચિત્તમાં સમતા ધરશો. નવપદને પામશો.

એજ અભ્યર્થના.

❑ **સંપાદક સમિતિ**

# આ છે કુમારપાળ મહારાજા

**પાટણની ગૌરવ ગાથા... ગતાંકથી ચાલુ...**

આસો મહિનાની નવરાત્રીના દિવસો હતા સોલંકી વંશના રાજવીઓની કુળદેવી કંટકેશ્વરી દેવી છે. આ દેવીને નવરાત્રીમાં રોજ પશુબલી ચઢાવવાની પરંપરા હતી. આસો સુદ છઠથી ૨૫ પાડા + ૨૫૦૦ બકરા, સાતમે સાત પાડા + સાતસો બકરા એમ નિત્ય તિથિ મુજબ પશુબલી ચઢાવાનો કુમારપાળે સત્તાવાદી સૂરે હુકમ બહાર પાડ્યો **''મારા રાજ્યમાં પશુબલી હરગીઝ નહીં આપી શકાય.''**

તેમ છતાં મંદિરના પૂજારીઓએ માતાના કોપાયમાન થવાના ડરથી પશુઓ મંદિરમાં લાવી રાખ્યા હતા. કુમારપાળે પ્રજાને તેમ જ પૂજારીને આ પશુબલી અટકાવવા માટે તેમની શાન ઠેકાણે લાવવા આખી રાત પશુઓની સાથે એકલાં જ મંદિરમાં રહ્યા અને મંદિરના દ્વાર બંધ કરાવ્યા. બીજા દિવસની પહોર ફાટતાં જ આખું ગામ ભેગું થયું. પૂજારીએ તો ધ્રુજતા હાથે મંદિરના દરવાજા ખોલ્યા. અંદર નજર કરી તો તેના પગ ત્યાંજ થંભી ગયા અરે ! આ શું ચમત્કાર છે. બધાં જ હેમખેમ છે. કુમારપાળે હસતાં ચહેરે, પરમાત્મા પ્રત્યેની અતૂટ શ્રદ્ધા અને ગુરુદેવના આશીર્વાદથી પશુઓને મંદિરની બહાર કઢાવ્યા અને પાટણની જનતા સમક્ષ જાહેર કર્યુ કે; **''મારા કુળદેવી કંટકેશ્વરીએ એક પણ પશુને માર્યો નથી તેથી પશુબલીની પરંપરા તદ્દન આંધળી છે એ નક્કી જ થઈ ગયું છે અને આજથી જ, હમણા, આ જ ઘડીથી કાયમ માટે પશુબલી બંધ કરવામાં આવે છે.''**

મંદિરમાં રાખેલા બધા ૨,૫૨૫ પશુઓને અભયદાન આપવામાં આવે છે. એ જ ધન્ય ઘડીએ કુમારપાળ રાજા જીવદયા પ્રતિપાલકના નામભૂષણથી ઘોષિત થયા, જીવદયા પ્રેમીઓએ ગગનને ગજવી મૂક્યું. મંદિરના પૂજારીઓના મોઢા કાળા પડી ગયા.

**જીવદયા પ્રતિપાલક, કુમારપાળ નરેશનો જય હો !**

**કુમારપાળ પ્રતિબોધક, શ્રી હેમચંદ્રાચાર્યનો જય હો !**

**જબ તક સૂરજ ચાંદ રહેગા, અહિંસા કા સાજ રહેગા.**

બારમી સદીની આ વાત છે. કુમારપાળ રાજાએ પોતાનું જીવન ધર્મમય બનાવ્યું જ હતું. અનેક જિનમંદિરો બંધાવ્યા હતા. જ્ઞાનભંડારોનું નિર્માણ કર્યું હતું. પૂ. ગુરુદેવ અને કલિકાલસર્વજ્ઞની પ્રેરણા અને પ્રતિબોધ પામેલા પરમાર્હત રાજાએ ચૌદ વર્ષ રાજ્ય અને ચૌદ કરોડ રૂપિયા સાધર્મિકોના ઉદ્ધાર માટે પણ વાપર્યા.

ગુજરાતમાં તમામ મનુષ્યો, તમામ પશુઓ માટે પાણી ગાળીને પિવડાવવાની વ્યવસ્થા કરી હતી.

તારંગાના પહાડ ઉપર મૂળનાયક દાદા શ્રી અજીતનાથ ભગવાનની ભવ્ય પ્રતિમા બિરાજમાન છે, ઐતિહાસિક તીર્થ છે તે કુમારપાળ રાજાએ બંધાવ્યું છે. તેઓએ જ્યાં જ્યાં દેરાસરો બંધાવ્યા ત્યાં હંમેશા પુષ્પપૂજા થાય તે માટે દરેક દેરાસરની બાજુમાં એકેક બગીચો પણ રાખતા. એ બગીચાના ફૂલો જિનેશ્વર ભગવાનની પૂજામાં વાપરવામાં આવતા. ભરૂચમાં આવેલું પ્રસિદ્ધ જિનાલય **'સમડી વિહાર'** તરીકે જાણીતું અને મૂળનાયક ભગવાન શ્રી મુનિસુવ્રત સ્વામીની પ્રતિષ્ઠા પણ ગુરુ શ્રી હેમચંદ્રાચાર્ય અને કુમારપાળ રાજાએ કરી છે.

કુમારપાળ મહારાજાએ જ્યારે પાટણથી શત્રુંજય તીર્થનો સંઘ કાઢ્યો ત્યારે તેમના સંઘમાં કેટલી સામગ્રી હતી તે, જાણો...

સંઘમાં **સુવર્ણ અને રત્ન વગેરેથી બનેલા (૧૮૭૪) એક હજાર, આઠસો ને ચુમોતેર શ્રી જિનમંદિરો હતા.** તડામાર તૈયારીઓ ચાલતી હતી એવા જ સમયે ગુપ્તચરોએ આવીને રાજાને કહ્યું; ''રાજા કર્ણ વિશાળ સૈન્ય સાથે ગુજરાત તરફ ધસી આવે છે. ત્રણ દિવસમાં તો એ પાટણમાં આવીને આક્રમણ કરવાનો છે.'' કુમારપાળને આ તીર્થયાત્રાની ચિંતા થઈ. દોડ્યો જ્ઞાનમંદિરમાં ગુરુદેવ પાસે અને પોતાની મૂંઝવણ રજુ કરી સર્વજ્ઞશ્રીએ થોડીક વાર આંખો બંધ કરીને ધ્યાન ધર્યું અને કુમારપાળને કહ્યું, ચિંતા છોડી દે, તીર્થયાત્રા સમયસર નીકળે એની તૈયારી કરો. કર્ણની ચિંતા પણ ના કરશો.

કુમારપાળ વિચારમાં તો પડી ગયા પરંતુ દેવ-ગુરુ પરની અનન્ય શ્રદ્ધા હતી. બીજા દિવસની સવાર પડતાં જ મહેલમાં પોતાના ગુપ્તચરે આવી સમાચાર આપ્યા કે, રાજા કર્ણદેવ તડામાર વેગે પાટણ તરફ ધસી રહ્યો હતો તે હાથી ઉપર બેઠેલો હતો. રાત્રી હોવાથી કર્ણને થોડુક ઉંઘનું ઝોકુ આવી ગયું. એટલામાં એના ગળાનો મહામૂલો હાર એક ઝાડની ડાળીમાં ફસાઈ ગયો હાથી તીવ્ર વેગે ચાલતો હતો તેથી એ ગળાનો હાર કર્ણનો ફાંસો બની ગયો અને તેની સાથે રહેલું સૈન્ય હતાશ થઈને આવેલા રસ્તેથી પાછું ફર્યું.

આ સમાચાર સાંભળી કુમારપાળ આશ્ચર્યમુગ્ધ થઈ ગયા. શ્રી હેમચંદ્રાચાર્યની અથાગ કૃપાનું આ પરિણામ તે સમજી શક્યો. નિર્ધારિત સમયે શત્રુંજયનો સંઘ નીકળ્યો. કુમારપાળ અને સંઘના હજારો લોકો ધન્ય બની ગયા.

જેમ કુમારપાળના હૃદયમાં શ્રી હેમચંદ્રસૂરી વસેલા હતા. તેમ શ્રી હેમચંદ્રસૂરિના મનમાં પણ કુમારપાળ વસેલા હતા.

પરમાર્હત રાજાને ૫૪ વર્ષની વયે રાજ્યગાદી પ્રાપ્ત થઈ હતી અને **૭૦ વર્ષની વયે પહોંચ્યા પછી તો તેઓ બાર વ્રતધારી શ્રાવક બન્યા હતા.** સંઘમાં પણ તેઓ ગુરુદેવની સાથે ઉઘાડા પગે જ ચાલતા, સંથારો પાથરીને શયન કરતા. એકાસણા કરતા, રસ્તામાં જોઈને, કોઈ પણ જીવની વિરાધના ન થાય એનો ખ્યાલ રાખીને, ભાવોલ્લાસ સાથે વિધિવત યાત્રા કરતા. માર્ગની રજ લઈને લલાટે

લગાડતા હતા માર્ગની બન્ને બાજુએ આવતા વૃક્ષોને પણ તે હાથ જોડતા. યાત્રિકોને ગરમીથી સાતા પહોંચાડનાર હોવાથી એ વૃક્ષો પણ એમને ઉપકારી લાગતા હતા.

આ વખતે પરમાર્હત શ્રી કુમારપાળે પોતાની મનોભાવના ઘણીજ સુંદર રીતે વ્યક્ત કર્યાનો તેમના ચરિત્ર આદિમાં ઉલ્લેખ છે.

**પરમાર્હત કહે છે કે, ''ભગવાન! આજ સુધીમાં મેં બહુ ભ્રમણ કર્યુ છે. અનંતકાળથી આ સંસારમાં હું ભ્રમણ કરું છું. એ વાતને દૂર રાખું તો પણ, આ જિંદગીમાં ય પચીસ-પચીસ વર્ષો સુધી મેં એ રીતે ભ્રમણ કર્યું છે કે નહોતું ખાવાનું ઠેકાણું કે નહોતું પોતાનું ઠેકાણું! પરંતુ એ મારું સઘળું જ પરિભ્રમણ નિરર્થક ગયું. હવે તો ભગવાનની આજ્ઞાનુસાર ચાલીને હું શ્રી સિદ્ધગિરિજીની યાત્રા કરીશ. કારણ કે મારું આ ભ્રમણ મારા સંસાર ભ્રમણને ટાળનારું છે.''**

સિદ્ધગીરી ઉપર આવ્યા પછી, તીર્થમાળા પહેરવાનો હક્ક તો તેમનો જ હતો, તેમ છતાં જેને લાભ લેવો હોય તે લઈ શકે છે અને એ નિમિત્તે દેવદ્રવ્ય નો પણ તીર્થને મોટો લાભ થાય અને બોલી બોલવાની શરૂઆત તો રાજા અને મંત્રી વચ્ચે થઈ. કેમ કે દાદાના દરબારમાં તો બધાજ સાધર્મિક હતા સૌની ભાવના જોવાની હતી.

શ્રી વાગભટ મંત્રી તીર્થમાળા પહેરવાના ચાર લાખ સૌનેયા બોલ્યા તો કુમારપાળ આઠ લાખ સૌનૈયા બોલ્યા, આમ સામસામે ૩૨ લાખ સૌનૈયા કુમારપાળ બોલે છે, ચઢાવો ચાલુ છે યાત્રિકો તો હર્ષોલ્લાસ સાથે અનુમોદન કરે છે.

એ જ સમયે એક જગડ નામનો પુણ્યાત્મા શ્રાવક પણ ત્યાં હાજર છે. શ્રાવકે એવા જૂના કપડા પહેરેલા છે કે એની પાસે કાંઈ હોવાનું કોઈ માની શકે નહીં. પણ રાજા તથા મંત્રીના બોલીના ચઢાવા જોઈને જગડ શ્રાવક સવા ક્રોડ સૌનૈયા બોલે છે. રાજા સહિત સૌને તેના પર શંકા જાય છે. ત્યાં તો એક ચોથરામાં રત્ન સમાન એ પુણ્યાત્મા શ્રાવકે સવા ક્રોડનું માણેક રજૂ કર્યું. પછી તો લોકોને ખબર પડી કે જગડ ને તો એના પિતા તરફથી સવા ક્રોડનો એક એવા પાંચ માણેકો મળ્યા હતા અને પિતાની આજ્ઞાનુસાર શ્રી ગિરનારજી તેમજ પ્રભાસપાટણમાં જગડે તીર્થમાળા પહેરી હતી જગડે આ માણેક કુમારપાળના ચરણોમાં ધરી દેતા કહ્યું, ''હે નાથ હું પાપી છું, આપ ઘણા મહાન છો, હજારો જીવોને ધર્મમાં જોડનારા છો, અહિંસાના પાલનહાર છો દીન-દુખીઓના બેલી છો માટે આ માણેક સ્વીકારો આને યોગ્ય આપ જ છો.''

એ જ વખતે કુમારપાળે ખજાનચીને હુકમ કરીને બે કિંમતી હાર તૈયાર કરાવ્યા અને તેમાં પેલા બે માણેકમાંથી એક એક હાર શ્રી ગિરનારજી ઉપર મોકલી આપ્યા. પુણ્યાત્મા જગડ શ્રાવકને પણ યથોચિત સન્માનપૂર્વક કેટલુંક ભેટણું પણ આપ્યું.

પાટણની આવી ગૌરવ ગાથાના, ગૌરવશાળી, પુણ્યશાળી આત્માઓના ચરણોમાં નત્મસ્તકે વંદન કરી આ લેખમાળા અહીં પૂર્ણ કરું છું મારાથી જાણતા-અજાણતાં કોઈ ક્ષતિ રહી ગઈ હોય તો આપ સૌની ક્ષમાપ્રાર્થી છું. આ લેખ લખવા માટે અનેક ગ્રંથોનો અભ્યાસ કરવાની તક પ્રાપ્ત થઈ છે.

પાટણ જૈન મંડળના પ્રમુખ શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ, શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ તેમજ જીવન સૌરભના સેક્રેટરી શ્રી ભરતભાઈ કાંતીલાલ શાહનો હૃદયપૂર્વક આભાર માનું છું. કુમારપાળ મહારાજા અને કલિકાલસર્વજ્ઞની સાથે ફરી એકવાર આપણે ભાવપૂર્વક નાતો જોડવા બદલ.

અસ્તુ...

**સંકલનઃ શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહ**


**MATRIMONIAL**

**Name** : **PRIYANK NARESH SHAH**
**Parents** : Chetna Naresh Champaklal
**DOB** : 09/10/1988 **Place** : Mumbai **Height** : 5'9"
**Education** : MS Finance (USA)
**Job** : Morgan Stanley (New York)
**Native Place** : Maniyati Pado - Patan
**Residence** : Marine Drive, Mumbai
**Contact**: 22816812, 9819864486 **Email**:nareshah1954@gmail.com
**Coming India 4th Week of November**
ADVT

**VACANCY**

**Article Clerk of CA Student & B.Com Pass Girl for office clerical work**

**Contact : N. N. Shah & Co. CA**

Jashoda Bldg., Ground Floor, Room No. 5, Gazdar Lane, J.S.S. Marg, Chira Bazar, Mumbai - 400002.
Email: nnshahcoca@yahoo.co.in
ADVT

**Tel.: 2208 9887 / 98335 64355**

**MATRIMONIAL**

**Name** : **GAURAV HITESH SHAH**
**Father** : Hitesh Ramanlal Shah
**Mother** : Varsha Hitesh Shah
**DOB** : 13/5/1985 **Height** : 5'8"
**Birth Place** : Mumbai **Time** : 18:08
**Mohallo** : Tamboliwado
**Education** : B.E. (IT) (Thakur College) Mumbai
**Work-Apple INC** : Individual Contributor Sr. Software Engineer
**Maternal** : Shantilal Veerchand (Kumbhariya Pado)
**Contact** : US No. +1 408 663 7134
**Resi No.** : 28904099, Mob : 9930204099
**Email** : gaurav.shah.13@gmail.com
**Coming India in Month of Nov. - 2015**
**For short time**
ADVT

# રાણીની વાવ

## પાટણની ગૌરવગાથા વિશે...



છેલ્લા કેટલાય સમયથી આ અદ્વિતીય રાણકી વાવને વર્લ્ડ હેરિટેજ સાઈટમાં સ્થાન આપવા માંગણી ઉઠી હતી. કળાકારીગરી અને શિલ્પ સ્થાપત્યથી શોભતી જગતની સર્વોત્તમ આ વાવની સાંસ્કૃતિક વિરાસત તરીકે વર્લ્ડ હેરિટેજમાં સમાવવા નોમીનેટ કરાયા બાદ ગત સપ્ટેમ્બર મહિનામાં ઈન્ટરનેશનલ કાઉન્સીલ ઓન મોન્યુમેન્ટ એન્ડ સાઈટને વિનંતી કરવાના પરિણામે વર્લ્ડ હેરિટેજના સ્કુલ ઓફ આર્કિટેકચર (બીજીંગ)ના પ્રાધ્યાપક ડૉ. ઝીંગ જોયના નેતૃત્વ હેઠળ એક જુથ તા.૨૩ ઓકટોબર ૨૦૧૩ ના રોજ ઐતિહાસિક પાટણ નગરીની મુલાકાતે આવ્યું હતું. રાણકી વાવના પથ્થરો પર કંડારાયેલ શિલ્પ સ્થાપત્યની વિડીયોગ્રાફી સાથે આ નિષ્ણાતોના જુથે ઉંડાણપૂર્વક અભ્યાસ કરી યુનેસ્કોને તેમનો અહેવાલ સુપ્રત કર્યો હતો. કતારના પાટનગર દોહા ખાતે તા. ૧૫ જુનથી ૨૫ જુન ૨૦૧૪ દરમ્યાન મળેલ યુનેસ્કોની સમિટમાં રવિવાર, તા.૨૨-૦૬-૨૦૧૪ ના દિને ઉપરોકત વાવને વર્લ્ડ હેરિટેજ સ્થાપત્ય ઘોષીત કરવા બૃહદ ચર્ચાઓ તથા રજુઆત કરાયા બાદ સત્તાવાર ઘોષણા કરાઈ હતી.

ગુજરાતના પ્રાચીન ઈતિહાસમાં અસ્તિત્વમાં આવેલ સૌન્દર્ય કલા-કારીગરીના બેનમુન ખજાના સમાન અદ્દભુત અને ઐતિહાસિક શિલ્પ સ્થાપત્ય ધરાવતી પાટણની રાણકી વાવને યુનેસ્કો દ્વારા વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે જાહેર કરાતાં વિશ્વ વિરાસતને નકશે તે જળહળા થઈ રહી છે. આ અગાઉ ચાંપાનેરને આવું અનુપમ ગૌરવ મળી ચૂકયું છે. યુનેસ્કોની આ જાહેરાતને પગલે મુંબઈ તથા પાટણ ખાતેના જૈનો જ નહિ ગુજરાત તથા સમગ્ર ભારતની પ્રજામાં આનંદોત્સવનો અદ્દભુત માહોલ ઉભરાઈ રહ્યો છે.

## નિર્માણના નેપથ્યે

કહેવાય છે કે, અગિયારમી સદીમાં ૩૦૨ વર્ષના સુવર્ણ યુગમાં અણહિલપુર પાટણમાં સોલંકી મુળના (ચાલુકય વંશ)ના સ્થાપક મૂળરાજના પુત્ર ભીમદેવ પહેલાના અવસાન બાદ તેમની પવિત્ર સ્મૃતિમાં કર્ણદેવની માતા અને સિધ્ધરાજના દાદી રાણી ઉદયમતીએ પાટણની પ્રજા માટે અનેરી જળ વ્યવસ્થાને અસ્તિત્વમાં આણવા ૨૭ મીટર (૮૨ ફુટ) ઉંડી અને ૬૮ મીટર લાંબી ૬૫ ફુટ પહોળી પૂર્વાભિમુખ વાવનું નિર્માણ કરાવ્યુ હતું. પુત્ર કર્ણદેવે અધુરૂ કાર્ય સંપન્ન કર્યુ હતું. સૈકાઓ પહેલાં વિવિધ સાંયોગિક ઘટનાક્રમ અને સરસ્વતી નદીમાં આવેલ ધોડાપુરને પરિણામે આ વાવ ધરતીમાં ગરકાવ થઈ ગઈ હતી. વર્ષો સુધી ધરતીમાં ગરકાવ રહેલી આ ઐતિહાસિક વાવમાં ભરાયેલ માટીને બહાર આણવા ૧૯૬૮ માં ભારતીય પુરાતત્વ વિભાગે ઉત્ખનનની કાર્યવાહી શરૂ કરતાં વર્ષો બાદ ફરી આ વાવનું મૂળ સ્વરૂપે પુનરૂત્થાન કરવામાં આવ્યું હતું. ઉકત વાવના પથ્થરો પર દેવીદેવતાઓ, અપ્સરાઓ અને નાગકન્યાના કલાત્મક બેનમુન શિલ્પો કંડારવામાં આવ્યા છે. વાવ ત્રણ પ્રવેશ માર્ગોવાળી હોવાથી જયા પ્રકારની વાવ હોવી જોઈએ, તેવું ઈતિહાસવિદોનું માનવું છે. અણહિલપુર પાટણની સામ્રાજ્ઞી ઉદયમતીની સ્વચ્છ સફેદ આરસની જાજરમાન અને ગૌરવાંકિત પચ્ચીસ આંગળ ઉંચી અને સોળ આંગળ પહોળી પ્રતિમા પણ વાવમાંથી પ્રાપ્ત થઈ છે. જે ઈતિહાસના તથ્ય અને સત્ય પર પ્રકાશ પાડી પુષ્ટિ આપે છે.

માત્ર પાટણ જ નહિ ગુજરાત અને સમગ્ર રાષ્ટ્ર માટે આ ગર્વ અને ગૌરવ અપાવનારી અદ્દભુત સિધ્ધિ છે. પ્રવાસન ક્ષેત્રે ઐતિહાસિક, સાંસ્કૃતિક અને પ્રાકૃતિક

---

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા અને ૨૦૧૫-૧૬થી ૨૦૧૭-૧૮ના ત્રણ વર્ષ માટે નિમાયેલ લગભગ ૧૫૦ થી અધિક કાર્યકરોની ટીમે પોતાના ક્ષેત્રોમાં કાર્યનો આરંભ કરી દીધેલ છે. ત્યારે સંપાદક સમિતિ દ્વારા પણ સમાજના પરિવારોને સંસ્થાનું મુખપત્ર **"પાટણ પ્રતિબિંબ"** હવેથી **New Look** સાથેનું રંગીન મોકલવામાં આવે છે જેને સર્વત્ર ખૂબજ આવકાર પ્રાપ્ત થયેલ છે, અને દરેકની ઈંતેજારી વધી રહી છે.

સંસ્થા દ્વારા મુખપત્રમાં અધિક અને સુંદર માહિતી આપવાના ઉદ્દેશ સાથે "પાટણની ગૌરવ ગાથા" લેખમાળ પાટણ જૈન સમાજ દ્વારા સ્થપાયેલ તેમજ સંચાલિત થતી સંસ્થાઓની રસપ્રદ માહિતી, કલર ફોટોગ્રાફ સાથે વિસ્તૃતપણે પ્રગટ કરવામાં આવશે. જેમાં અત્યાર સુધી નીચેની વિગતે સંસ્થાની માહિતી પ્રગટ કરવામાં આવેલ છે.

**(૧) કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય (૨) કુમારપાળ મહારાજા (૩) પંચાસરા પાર્શ્વનાથ દેરાસર**

ચાલુ માસના અંકમાં **"રાણીની વાવ"** પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. હવે પછી નીચેની વિગતે સંસ્થાઓની ગૌરવગાથા પ્રગટ કરવામાં આવશે.

**(૧) શ્રી હેમચંદ્રાચાર્ય જૈન જ્ઞાન મંદિર (૨) પાટણના પટોળા (૩) જોગીવાડા શામળા પાર્શ્વનાથજી દેરાસર (૪) પાટણ પાંજરાપોળ (૫) હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટી (૬) પાટણ જનતા હૉસ્પિટલ (૭) પાટણના જીનાલયો** વિગેરે. આ ઉપરાંત અન્ય સંસ્થાઓની વિગતો ક્રમશઃ પ્રગટ કરવામાં આવશે.(સલાહ સૂચનો આવકાર્ય)

**- સંપાદક સમિતિ**





વૈવિધ્ય ધરાવતા દાર્શનિક સ્થળોમાં પાટણની રાણકી વાવ સ્થાપત્ય કલારસિકોમાં આકર્ષણનું અનન્ય કેન્દ્ર બની રહી છે.

## શિલ્પ સ્થાપત્યની સરભૂમિ

વાવમાં સ્ટેપ વેલ, પાણી સ્ત્રોત અને સંગ્રહ માટે સૈકાઓ પહેલાંની રચના અને બાંધણી આર્કીયોલોજી ડીપાર્ટમેન્ટ દ્વારા સચવાયેલી છે. વર્ષો પહેલાં વડોદરા રાજયના આર્કીયોલોજી ખાતાએ થોડુંક ખોદકામ કર્યુ હતું. ત્યારબાદ આર્કીયોલોજીકલ સર્વે ઓફ ઈન્ડીયા મારફત આ વાવનું બે-ત્રણ વર્ષના એકધારા સુવ્યવસ્થિત ખોદકામને પરિણામે માનવ સૌંદર્યના મહાકાવ્ય જેવો અદ્દભુત કલાશિલ્પનો ખજાનો હાથ લાગ્યો હતો. આ વાવમાં સાત ઝરૂખામાં નાનામોટા લગભગ ૮૦૦ શિલ્પો છે. જેમાં ભગવાન વિષ્ણુના દશાવતાર, મહિષમર્દિની દેવી, કોપાયમાન ઉમા, બ્રહ્મ સાવિત્રી, ઉમા-મહેશ, ગણેશ, કુબેર, મહાલક્ષ્મી, હનુમાનજી વિગેરેનો સમાવેશ થાય છે. વાવની દિવાલો પર રામાયણ, મહાભારતના વિવિધ પ્રસંગો અને સોળ શૃંગારના શિલ્પો પણ કંડારાયેલા છે. રૂપ રૂપના અંબાર સમી ઘરેણા પહેરેલી અંગ ભંગિમા પ્રદર્શિત કરતી અપ્સરાઓ, નાગ કન્યાઓ અને બીજી યોગિનીઓની મૂર્તિઓ વિદ્યમાન છે. આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા પુરાતત્વવિદ શ્રી માઈકલ પોષ્ટેલના મત મુજબ આ વાવ બંધાયા બાદ ૨૦ થી ૩૦ વર્ષ જ ઉપયોગમાં લેવાઈ હશે. ઘણાં શિલ્પોને હાની થયેલી છે. વાવમાં ઉતરવા બંધાયેલ પગથીયા પણ કલાક્ષેત્રે આકર્ષણનું કેન્દ્ર બનેલ છે. વાવમાં પ્રત્યેક માળ ઉપર વિવિધ શિલ્પ સ્થાપત્યના દર્શન થાય છે. સાત માળમાંથી ઉપરના બે માળ ક્ષત વિક્ષત થયા છે માટે હાલમાં પાંચ જ માળ દેખાય છે.

પુરાતત્વ વિદો જણાવે છે કે, એશિયા ખંડમાં રાણકી વાવ જેવું ઉત્તમોત્તમ સ્થાપત્ય કયાંય જોવા નથી મળતું. આખા પટના પટ કોતરકામ કરાયેલા છે. કુશળ શિલ્પકારો દ્વારા પ્રતિમાઓ ઉપરાંત લોકકથાના પ્રસંગો, રતિક્રિડાના દશ્યો, મૃતાત્માને લઈ જતા યમરાજ વિગેરે દિવાલ તેમજ સ્તંભો પર કોતરવામાં આવ્યા છે. મોર-પોપટના જોડકા, સમુહ નૃત્યો, વાઘ સાથે કુસ્તી, મગરને ઉલ્લુ બનાવતા વાંદરાનું દશ્ય આલ્હાદક અને દર્શનીય છે. શિલ્પીઓએ તેમની કલ્પનાશકિત અને આવડતને મુકત રીતે વિહરવા દીધી છે. વાવના પ્રત્યેક ખંડમાં ભગવાન શેષશાયિની મુર્તિ બિરાજમાન છે. અલ્પ વસ્ત્રો કે નિર્વસ્ત્ર સેંકડો પ્રતિમાઓ તત્કાલિન મહિલાઓના સૌંદર્યનું રસપાન અને દર્શન કરાવે છે. વિવિધ વસ્ત્રો, અલંકારો, પગરખા, કેશગુંફન વિગેરેનો ઝીણવટ પૂર્વકનો ઉલ્લેખ પણ દૃશ્યમાન છે. નાગણ કે વીંછીથી લપેટાયેલી વિષ કન્યાઓની કમનીય મૂર્તિઓ કંડારાયેલી છે. રૂપ સુંદરીઓના મુખમંડળ પરના ભાવો નિર્જીવ પથ્થરોને સજીવ કરવામાં શિલ્પીઓ કારગત નિવડયા છે. રસજ્ઞ ભાવથી જોતા એમ લાગ્યા વગર રહેતું નથી કે પ્રત્યેક શિલ્પ પોતાનામાં એક અનેરો બેનમુન ઈતિહાસ છે. દિવાલ, થાંભલા, ઝરૂખા અને બારસાખ ઉપરની ઉત્કૃષ્ટ કોતરણી મનભાવન અને ધ્યાનાકર્ષક છે.વિષ્ણુના અનેક સ્વરૂપો, જમણી સુંઢના ઉભા ગણપતિ, લક્ષ્મી-નારાયણ, શિવપાર્વતી, ભગવાન ધન્વંતરિ, અગત્સ્ય ઋષિ, સૂર્યદેવ, અગ્નિ દેવ, બ્રહ્મા-બ્રહ્માણી, કુબેર, દિગ્પાળો વિગેરેની મુર્તિઓ સવિશેષ દર્શનીય છે.

## આકર્ષણ : એક અનુભુતિ

રાણકી વાવ અને સહસ્ત્રલિંગ તળાવના આજુબાજુ લસ લીલા પરિસરમાં લીંબોડીના વૃક્ષો વસંત ઋતુમાં વનરાજીનું આકર્ષણ, ટહુકતા મોરલા અને ઉનાળે શાતા આપનારા ધીમા વાયરા થકી મનડું મ્હોરે અને મ્હાયલો મહેકે, લહેરાતી લાગણી અહોભાવથી ભીંજાયા વગર રહે નહિ. વર્ષે અંદાજીત દોઢ લાખ મુસાફરો વાવની મુલાકાતે આવે છે. બાજુમાં જ રહેવાની અને જમવાની વ્યવસ્થા સાથે કાફેટેરીયા પણ બનાવવામાં આવ્યા છે. વિદ્વાનો, મૂર્તિવિધાનના જાણકારો, નિષ્ણાતો વિગેરે ગમે તેટલા વર્ણનો અને રાણકી વાવની માહિતી શબ્દોમાં આપવાની ચેષ્ટા કરે છતાં આપણે તેનાથી અસંતુષ્ટ જ રહેવાના. રૂબરૂ જઈને રાણકી વાવ નિહાળીએ તો આશ્ચર્યચકિત થયા વગર રહી શકીએ નહિ. અદ્દભુત અને અદ્વિતીય નિર્માણ શૈલીએ પાટણના મહત્વને પ્રસ્થાપિત કરવામાં અનન્ય ફાળો આપ્યો છે.

લગભગ દરેક પ્રાચીન અને ઐતિહાસિક બાંધકામ સાથે ગુપ્ત સુરંગની માન્યતા સંકળાયેલી હોય જ છે. અહીંયા પણ કંઈક આવુ જ છે. વાવના તળિયે ( જે ભાગ હજી દટાયેલો છે.) એક સુરંગ હતી, જે ૩૦ કિલોમીટર દૂર આવેલ સિધ્ધપુર સુધી નીકળતી હોવાનું કહેવાય છે. ઈતિહાસમાં અનેક ઉતાર ચઢાવના સાક્ષી એવી પાટણની પ્રભુતાનો અંદાજ લગાવવો અઘરો છે. આ આખી વાવ પથ્થરની બનેલી છે. પથ્થરોને જોડવા લાકડાનો ઉપયોગ કરવામાં આવ્યો છે. બે પથ્થરો બાજુ બાજુમાં ગોઠવાય ત્યાં પથ્થરો પર ખાંચો





કરવામાં આવે જેમાં ખાસ આકારનું લાકડું ફીટ કરવામાં આવે છે. સિધ્ધપુરના રૂદ્રમહલમાં પણ આ જ રીતે પથ્થરના સાંધાઓ સાથે બંધાયા છે. વરસાદ ગમે તેટલો વરસે છતાં તેમાં પાણી કયારેય ટકતું નથી. તેનું વૈજ્ઞાનિક કોઈપણ કારણ હોઈ શકે. પરંતુ તેની પાછળ એક દંતકથા જોડાયેલી છે. ઓડ જાતીની એક કન્યા જસમા ઉપર મહારાજા સિધ્ધરાજ મોહી પડયા. જસમાને પામવાની રાજા સિધ્ધરાજની પ્રબળ ઈચ્છા હતી. જસમા રાજા સિધ્ધરાજ સાથે જવા તૈયાર ન થતાં, રાજાએ તેના પર જોર જુલમ અને અત્યાચાર શરૂ કર્યો. તે સમયે વાવનું બાંધકામ થઈ રહ્યું હતું. જસમાએ સિધ્ધરાજને શ્રાપ આપ્યો કે તું જે ઉદ્દેશ માટે વાવ બંધાવી રહ્યો છે, તેમાં કયારેય પાણી ટકશે નહીં. કાળક્રમે આ વિદુષી જસમા ઓડણને નામે ઈતિહાસમાં સુવર્ણાક્ષરે પૃષ્ઠો પર છવાઈ ગઈ.



સરસ્વતીના પટમાં પણ પાણી રહેતું નથી. કદાચ વૈજ્ઞાનિક દૃષ્ટિએ આ ભૂમિ જ એવી હોઈ શકે, જેમાં પાણીનો સંગ્રહ લાંબા સમય સુધી ન થઈ શકે. રાણીની વાવ ઉપરાંત આખું પાટણ એવો ઈતિહાસ ધરબીને બેઠું છે કે, સમગ્ર શહેરને જ હેરિટેજ જાહેર કરવું પડે. ઈતિહાસવિદ્ શ્રી મુકુંદભાઈ બ્રહ્મક્ષત્રિયના કહેવા મુજબ ઉત્ખનન કરવામાં આવે તો ૯૦૦ વર્ષ પહેલાંનો ઈતિહાસ પળવારમાં આળસ મરડીને બેઠો થઈ શકે.

## ઈતિહાસની અટારીએથી

અણહિલપુર પાટણની સ્થાપના વીર વનરાજ ચાવડાએ વિક્રમ સંવત ૮૦૨ માં કરી હતી. ૫૫૦ વર્ષ સુધી પાટણ ગુજરાતની રાજધાની રહ્યું. ઈ.સ. ૭૪૬ માં સ્થાપના બાદ સમૃધ્ધિના શિખર પર આરૂઢ થયેલ અણહિલપુર પાટણનો મુસ્લિમ આક્રમણકારો દ્વારા ઈ.સ. ૧૩૦૪ માં ધ્વંશ થયો. નષ્ટ થયેલા જુના પાટણની જગ્યાએ ઈ.સ. ૧૩૧૪ ની આસપાસ નવું પાટણ વસ્યુ હોવું જોઈએ તેવું તારતમ્ય ઈતિહાસવિદોએ કાઢયું છે. પાટણનું નામ આવે કે સ્થાપક વનરાજ ચાવડા અને રાજા મુળરાજના નામોનો ઉલ્લેખ આવશ્યક બને. તદુપરાંત મહાપ્રતાપી ગુર્જરેશ્વર સિધ્ધરાજ જયસિંહ, સોલંકી વંશના આઠમા જીવદયા પ્રેમી રાજા કુમારપાળ અને કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય અનુક્રમે પરાક્રમ, પવિત્રતા અને જ્ઞાનના સાક્ષાત સાગર મૂર્તિ સમાન હતા. ખરા શબ્દોમાં પાટણ ગુજરાતની અસ્મિતાનું આધારબિન્દુ છે.

શતાબ્દી પહેલાં ૬ કિ.મી.ના ઘેરાવામાં આવેલ પાટણ આજે ૧૮ કિ.મી.માં વિસ્તરેલ છે. તે સમયે ૩૦,૦૦૦/- ની વસ્તી ધરાવતું શહેર આજે ૧,૫૦,૦૦૦/- થી વધુ જનસંખ્યા ધરાવે છે. પાટણની શોભા, સંસ્કૃતિ અને ગૌરવ ગાથાને પાટણના પ્રાચીન સ્થળોના શિલ્પો વાચા આપે છે. પાટણ ઉત્તર ગુજરાતમાં ૨૩-૫૧ ઉ. અક્ષાંસ અને ૭૨-૧૧ પ. રેખાંશ પર વસેલું છે. શહેરની પૂર્વ - પશ્ચિમ લંબાઈ આશે ૪૫૦૦ ફૂટ અને ઉત્તર - દક્ષિણ પહોળાઈ આશરે ૬૪૦૦ ફૂટ છે. તેને ફરતો આશરે સાડાત્રણ માઈલ ઘેરાવામાં જુનો કોટ છે.

## લેખા જોખા

શૈક્ષણિક તથા મેડીકલ ક્ષેત્રે પાટણ હરણફાળ ભરી રહ્યું છે. અન્ય કોલેજો ઉપરાંત આ વર્ષે શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત સાયન્સ, આર્ટસ તથા કોમર્સ કોલેજ પણ ચાલુ થઈ રહી છે. આજુબાજુના ગામડાઓમાંથી વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણ માટે તેમજ દર્દોની ઉત્તમ સારવાર માટે પાટણ આવી રહ્યા છે.

રાણકી વાવ આમ જનતા માટે બંધાવવામાં આવેલ માત્ર જળાશય હોય તે વિદિત થતું નથી. આ આખી બાબત એક વિચાર માગી લે છે કે, જો જનતાને માત્ર પાણી જ પુરૂં પાડવું હોત તો આટલું બધું કોતરકામ કરી રાજયની કળાકારીગરી કે સંપત્તિ વેડફી શકાય નહિ. વાવના પગથિયાની ઉંચાઈ જોતા કોઈપણ મહિલા કે પનિહારી પાણી ભરેલુ બેડલું શિરે મૂકી વાવમાં સરળતાપૂર્વક ચઢી કે ઉતરી શકે તેમ નથી. ૧૭ મી સદીમાં તાજમહાલ બનાવવા





પાછળ બાદશાહનો બેગમ પ્રત્યેનો અપૂર્વ પ્રેમ હતો. જયારે રાણકી વાવ તાજના અસ્તિત્વના લગભગ ૫૦૦ વર્ષ પહેલા પટરાણી ઉદયમતીએ પોતાના રાજવી પતિ ભીમદેવ પહેલાની યાદમાં બનાવી હતી. જેમાં રાણીનો રાજા પ્રત્યેનો પ્રેમ ઉભરાય છે.

## રાણકી વાવને વર્લ્ડ હેરિટેજ યાદીમાં સમાવેશ થવાથી.....

✦ દેશી-વિદેશી ટુરિસ્ટો તથા મુલાકાતીઓનું આવાગમન વધતુ જશે.

✦ ટુરિસ્ટોને અનુરૂપ ત્રણ કે ચાર તારક હોટેલ તથા ગેસ્ટ હાઉસનું યોગ્ય નિર્માણ આવશ્યક છે.

✦ ટ્રાન્સપોર્ટેશનનની ઉત્કૃષ્ટ વ્યવસ્થા આંતરરાષ્ટ્રીય સ્તરે કરવાની રહેશે.

✦રાણકી વાવ તરફના રસ્તાઓ અને માળખાગત સુવિધાને આધુનિકતાનો ઓપ આપવાનો રહેશે.

✦ વધુ પ્રવાસીઓને પરિણામે રોજગારીની તકોમાં વધારો થશે.

✦ સ્વચ્છતા અને સુવિધાને મહાનગર પાલિકાએ વિશેષ મહત્વ આપવું પડશે.

✦ સરકારી તંત્રની જવાબદારી સાથે પટણીઓની અને પાટણના સ્થાનિક નાગરિકોની જવાબદારી વધી જશે.

✦ વિવિધ મથક સાથે ડાયરેકટ રેલ્વે લાઈનની આવશ્યકતા અસ્થાને નથી જ.

પાટણની પ્રભુતાના સરતાજ એવા શિલ્પ સ્થાપત્યથી ભરપુર રાણકીવાવ જેવી અણમોલ અને અલભ્ય વાવની જાળવણી, દેખરેખ, સુવિધા અને સ્વચ્છતાના સંવર્ધનની દિશામાં રચનાત્મક અભિગમનો સંકલ્પ કરીએ. સમગ્ર વિશ્વ જયારે ગ્લોબલ વોર્મિંગથી ભયભીત છે, ત્યારે વતનનું સાતત્ય જાળવવા આપણે સૌ પ્રણ લઈએ.

**ખાસ નોંધ :** પાટણ પ્રતિબિંબના જુલાઈ - ૨૦૧૪ના અંકમાં વર્લ્ડ હેરીટેજમાં સ્થાન પામેલ ''રાણીની વાવ''ની વિસ્તૃતપણે વિગતો પ્રગટ કરેલ છે. સદરહુ લેખમાળામાં મહદ્ સુધારાઓ કર્યા બાદ પુનઃ પ્રકાશિત કરવામાં આવેલ છે જેની વાચકોએ નોંધ લેવા વિનંતી.




CDS Lighting Designers

CDS is a Architectural Lighting Design Firm. At CDS, we shap up the 'feel' of the space with Light. Architects / Interior and Landscape Designers consult us for expert lighting design techniques that transforms the innovative ideas to realism and creates responsive environments.

We provide extensive lighting design services for Residences, Hotels, Restaurants, Offices, Week-end Homes, Jewellery and Retail Showrooms, Malls and Shopping Complex, Building Facade, Landscape, Art Galleries, Museums and Heritage Buildings.

Feel free to contact us, we are happy to be associated with you. For further details, visit our website.

Sheetal Sandesara +91 98701 87230
cdstudios.mumbai@gmail.com
www.cdslightingdesigners.com

## નવકાર મહામંત્રના સામુહિક જાપ - નિમંત્રણ

### પટ્ટણીઓના સામુહિક પુણ્ય ઉપાર્જન માટે મહામંગળકારી અને ઉપકારી મહામંત્રના જાપનું આયોજન

### રવિવાર, તા. ૧૦ જાન્યુઆરી, ૨૦૧૬ સવારે ૯ થી ૧, યોગી સભાગૃહ - દાદર

નવકાર જાપના પ્રારંભ પહેલા ૐ હ્રીં ૐના મંત્રોચ્ચારના આંદોલિત તરંગોથી શરીરના સર્વે અંગો આંદોલિત થાય છે અને પ્રાણાયામની પૂરક, કુંભક અને રેચક પ્રક્રિયા શરૂ થાય છે. શરીર અને આસપાસનું વાતાવરણ સજીવ - નીર્જીવ, જડ-ચેતન વગેરે પદાર્થો શુદ્ધ અને પવિત્ર બને છે. આસૂરી તત્વો દૂર ભાગે છે. પરમ તેજોમય શક્તિનું સંચારણ થયાની અનૂભુતિ પ્રાપ્ત થાય છે. આ નવકાર જાપ એકજ આસને, એકજ સમયે શક્ય હોય તો વહેલી સવારે નિયમિત કરીને પોતાના જીવનને ઉજમાળ કરવું જોઈએ.

સુખાસને કે પદ્માસને બેસીને સર્વપ્રથમ ઉંડો શ્વાસ લઈ ત્રણવાર ૐ હ્રીં ૐનું લંબાણપૂર્વક ઉચ્ચારણ કરી નવકારજાપમાં પ્રવૃત્ત થવું. તેના દિવ્ય પ્રભાવે આપણી માનસિક એકાગ્રતા, યાદ શક્તિ અને પ્રસન્નતા વધે છે. સર્વ સમન્વય ભાવ જાગે છે. ઈન્દ્રિય, અને ભાવોમાં સુક્ષ્મ પરિવર્તન આવતાં વ્યક્તિની ચેતના ઉર્ધ્વગામી બને છે. લોહી અને શ્વાસની પ્રક્રિયાના તમામ અવરોધો દૂર થાય છે. શરીરમાં રહેલ અનિષ્ઠ તત્વોનું વિસર્જન થાય છે. નાભી સાથે શરીરમાં રહેલી ૭૨ હજાર નાડીઓની વિશુદ્ધિ થાય છે. નવકાર જાપના દિવ્ય પ્રભાવથી મનની ચંચળતા દૂર થઈ ધ્યાનમાં ઉચ્ચ ભૂમિકા, સમાધિ અને ચિત્તપ્રસન્નતાનો પમરાટ ભળવાથી આત્મસાક્ષાત્કાર સુધી પહોંચવાની પરમ શક્તિ મળે છે.

**સામુહિક નવકાર મંત્રના જાપના અનંત-ગણા પુણ્યના સહભાગી થઈ સ્પોન્સર્સ (રૂ. બે લાખ) થવા માટે દાનવીરોને હાર્દિક આમંત્રણ છે તેમને વિશિષ્ટ બેઠક અને ખાસ મહેમાનો માટે પાસ ફાળવવામાં આવશે.**

**બેઠક વ્યવસ્થા આગવી રીતે ગોઠવી શકાય તે માટે કાર્યક્રમના પાસ આપવામાં આવશે, જેની વિગતો આગામી અંકમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.**

નમસ્કાર મંત્રને આપણા શાસ્ત્રોમાં સર્વશ્રેષ્ઠ મંત્ર તરીકે સ્થાન પ્રાપ્ત થયેલ છે, જેના સ્મરણમાત્રથી અનેક આધિ-વ્યાધિ-ઉપાધિઓ દૂર થાય છે. તેની પરમ શક્તિના પરચાઓ આવર-નવાર આપણા કાને સંભળાય છે.

આવા મહામૂલા નવકાર મહામંત્રના **સામૂહીક જાપ પ્રથમ ૧૨ નવકાર જ્ઞાનમુદ્રામાં, પછીના ૨૭ સમન્વય મુદ્રામાં, પછીના ૨૭ નવકાર પ્રાણમુદ્રામાં, પછીના ૨૭ નવકાર શંખમુદ્રામાં અને અંતિમ ૧૫ નવકાર ધ્યાનમુદ્રામાં રહીને કરવાથી વિશિષ્ટ, શારિરીક માનસીક લાભો મળે છે** તે સમજવા - જાણવા સંસ્થા દ્વારા સર્વપ્રથમ વખત જ **શ્રી જયંત રાહી**ના સાનિધ્યમાં નવકાર જાપનું આયોજન કરવામાં આવેલ છે. તેમાં આપ સર્વે પરિવારજનોને સમય અચૂક પધારવા નિમંત્રણ છે.

### નવકાર કરે ભવપાર

મારા આત્માનું **ઉત્થાન** શ્રી નવકારથી
મારા શરીરની **સ્વસ્થતા** શ્રી નવકારથી
મારા વ્યાપારની **શુદ્ધતા** શ્રી નવકારથી
મારા પરિવારની **શાંતિ** શ્રી નવકારથી
મારા સમાજની **ઉન્નતિ** શ્રી નવકારથી
મારા આર્થિક **સંપન્નતા** શ્રી નવકારથી
મારા શ્રૃતકર્મનું **ઉપાર્જન** શ્રી નવકારથી
મારી આત્મિક **શુદ્ધતા** શ્રી નવકારથી
મારા પૂણ્યનો **ઉદય** શ્રી નવકારથી

## ''દિશા'' વિકલાંગ ઉત્કર્ષ સમિતિ અહેવાલ

સમગ્ર દુનિયાના તમામ જીવોમાં મનુષ્ય શ્રેષ્ઠ છે જેની પાસે વાણી, વર્તન વિચાર વગેરેની શક્તિ છે. સામાન્ય રીતે ''જીવો અને જીવવા દો'' આ સુત્ર જ બધા અનુસરે છે, પણ આપણો જૈન ધર્મ કહે છે જે તે તકલીફ છે તેમને હંમેશા મદદ કરો તેના રસ્તા છે, તન-મન-ધન એ સર્વ શ્રેષ્ઠ છે.

આને અનુસરીને પાટણ ખાતે **શનિવાર, તા. ૫-૧૨-૨૦૧૫ અને રવિવાર, તા. ૬-૧૨-૨૦૧૫** આપણા સ્પેશિયલ બાળકો દ્વારા પાટણની આમ-જનતા માટે ફિઝિયોથેરેપી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે, જેનો સંપૂર્ણ લાભ **શ્રીમતી કલ્પનાબેન નિરંજનભાઈ શાહ** (કપુર મહેતાનો પાડો) લીધો છે તેમને ખૂબ ખૂબ અનુમોદના.

પાટણ ખાતે આયોજીત શ્રી કલ્પનાબેન નિરંજનભાઈ શાહ ફિઝિયોથેરેપી કેમ્પમાં સૌને પધારવા માટે હાર્દિક આમંત્રણ છે. સ્પેશિયલ બાળકો જે કામ કરશે તે જોવાનું ચુકવા જેવું નથી. જેમાં ડૉ. સરોજ સંઘવી તથા ડૉ. જીગર પટેલ અને ડૉ. જયદીપ બારોટની ટીમ માનદ્ સેવા આપશે. જેનું સંચાલન દિશાના બાળકો અને વાલિઓ કરશે.

પાર્લા ખાતે થયેલ દાંડિયા રાસમાં પ્રોગ્રામ સમિતિ દ્વારા દિશાના બાળકો અને વાલીને ફ્રી પાસ આપવામાં આવ્યાં તથા દરેક બાળકને પ્રોત્સાહનાર્થે રૂા. ૫૦૦/- આપવામાં આવ્યા. પ્રોગ્રામ સમિતિના સેક્રેટરી તથા દરેક મેમ્બરનો ખૂબ ખૂબ આભાર.

૩૦ સપ્ટેમ્બર W.T.C ખાતે થયેલ J.I.W.O ના એક્ઝીબીશનમાં **શ્રીમતી સાધનાબેન મહેન્દ્રભાઈ શાહ તથા ડૉ. દિપ્તીબેન નિખિલભાઈ શાહ**ના સહકારથી સંપૂર્ણ સ્ટોલ સ્પોન્સર કરવામાં આવ્યો હતો, તેમની ઉદારતા ખરેખર સરાહનીય છે.

પાટણ ખાતે ખેતરપાળના પાડામાં યોજાયેલ પદ્માવતી માતાના ઓચ્છવ દરમ્યાન આપણી 'દિશા કાર્યશાળા'ના બાળકોએ જાતે વાજીંત્રો વગાડી - સુંદર ભાવવાહી સ્વરોમાં રાત્રી ભાવનાનો કાર્યક્રમ રજુ કરેલ છે. તેનાથી ખુશ થઈ સંઘ તરફથી રૂા. ૫૦૦૦/- ની રકમ આપી બહુમાન કરવામાં આવેલ તે બદલ સર્વે બાળકોને અભિનંદન.

# ઉગ્ર તપશ્ચર્યાની અનુમોદના

પાટણ જૈન સમાજના અનેક ભાઈ-બહેનોએ ચાતુર્માસ દરમ્યાન માસક્ષમણ, સિદ્ધિતપ, વરસીતપ, અઠ્ઠાઈ કે તેથી વધુ ઉપવાસની ઉગ્ર તપશ્ચયાની આરાધના સફળતાપૂર્વક પાર પાડીને પ્રચંડ કર્મ શુદ્ધિ સાથે પુણ્ય પ્રાપ્ત કર્યું છે, તેનું અનુમોદન કરતા ગર્વ અનુભવીએ છીએ.

### વરસીતપ

| નામ | ઉંમર | રહેઠાણ | મહોલ્લો |
|---|---|---|---|
| શિલ્પાબેન હિતેનભાઈ શાહ | ૫૭ | મરીન ડ્રાઈવ | ખેતરવસી |
| હંસાબેન મુકેશભાઈ શાહ | ૬૦ | બોરીવલી | વખતજીની શેરી |

### સિદ્ધિતપ

| | | | |
|---|---|---|---|
| મીત મુકેશભાઈ શાહ | ૨૪ | વિલે પાર્લા | કનાસાનો પાડો |
| કેતના મહેન્દ્રભાઈ શાહ | ૪૯ | મરીન ડ્રાઈવ | કોકાનો પાડો |
| પારૂલબેન દિપકભાઈ શાહ | ૫૦ | ગ્રાંટરોડ | કનાસાનો પાડો |
| જિજ્ઞેશભાઈ લલીતભાઈ શાહ | ૪૩ | ગોરેગામ | ઢંઢેરવાડો |
| પીંકી જિજ્ઞેશભાઈ શાહ | ૩૯ | ગોરેગામ | ઢંઢેરવાડો |
| વલુષા જિજ્ઞેશભાઈ શાહ | ૧૧ | ગોરેગામ | ઢંઢેરવાડો |
| રિવાન જિજ્ઞેશભાઈ શાહ | ૯ | ગોરેગામ | ઢંઢેરવાડો |
| શ્રી વિરેન્દ્રભાઈ રસીકલાલ સફરી | ૬૩ | ગોરેગામ | ગોદડનો પાડો |
| હેતલ હેમાંગભાઈ નંદરબારવાલા | ૪૪ | વાલકેશ્વર | ડંક મહેતાનો પાડો |
| અમિતા આશીતકુમાર શાહ | ૪૭ | ગોરેગામ | વખતજીની શેરી |
| કાશ્મિરાબેન દિનેશકુમાર મણિયાર | ૬૯ | વાલકેશ્વર | ચોધરીની શેરી |
| મેઘા સંજયભાઈ શાહ | ૪૨ | ગોરેગામ | મારફતીયા મહેતાનો પાડો |
| જૈનાબેન નિરજભાઈ શાહ | ૪૪ | ગોરેગામ | કનાસાનો પાડો |

### ૩૦ ઉપવાસ - માસક્ષમણ

| | | | |
|---|---|---|---|
| પૂર્વી શ્રેણિકભાઈ શાહ | ૪૦ | તારદેવ | લખિયાર વાડો |
| હંસાબેન મુકેશભાઈ શાહ | ૬૦ | બોરીવલી | વખતજીની શેરી |
| અનોખી શ્રેણીકભાઈ શાહ | ૧૩ | અમદાવાદ | મલ્લાતનો પાડો |
| નમીતાબેન જયેશભાઈ શાહ | ૫૪ | વિલે પાર્લા | કોકાનો પાડો |
| નિરજ મીતિનભાઈ શાહ | ૩૨ | અંધેરી | મારફતીયા મહેતાનો પાડો |
| પંકજભાઈ લલીતભાઈ શાહ | ૬૪ | કાંદિવલી | પંચોટીનો પાડો |

### ૧૬ ઉપવાસ તપ

| | | | |
|---|---|---|---|
| નીધી રીતેશભાઈ શાહ | ૨૮ | બેંગકોક | કનાસાનો પાડો |

### ૧૧ ઉપવાસ

| | | | |
|---|---|---|---|
| નિર્મળભાઈ હરસુખલાલ શાહ | ૬૦ | ગોવાલીયા ટેંક | લખીયારવાડો |
| નીગાહી ચેતનભાઈ શાહ | ૨૨ | મરીન ડ્રાઈવ | ડંકમહેતાનો પાડો |
| શાલવી શૈલેષભાઈ શાહ | ૧૬ | પુના | શાંતીનાથની પોળ |
| જયેશભાઈ કુમારપાળ શાહ | ૫૬ | વિલે પાર્લા | કોકાનો પાડો |

### ૧૦ ઉપવાસ

| | | | |
|---|---|---|---|
| પૂજા અજીતકુમાર શાહ | ૨૭ | ભાયંદર | મણિયાતી પાડો |

### ૯ ઉપવાસ

| | | | |
|---|---|---|---|
| સેજલ જીમીતભાઈ શાહ | ૪૬ | વીલે પાર્લા | કેશુશેઠનો પાડો |
| સાક્ષી હીરેનભાઈ શાહ | ૧૦ | ગોરેગામ | કનાસાનો પાડો |
| વિધિ ભાવેશભાઈ ધુપેલિઆ | ૨૦ | સાંતાક્રુઝ | કનાસાનો પાડો |

### અઠ્ઠાઈ

| | | | |
|---|---|---|---|
| નીતિનભાઈ રમણલાલ પટણી | ૬૩ | લુહારચાલ | મનમોહનજીની શેરી |
| કલ્પનાબેન નીતિનભાઈ પટણી | ૬૩ | લુહારચાલ | મનમોહનજીની શેરી |
| નિખિલ તરૂણભાઈ શાહ | ૩૮ | નવજીવન સોસાયટી | ખેતરવસી |
| મૌલિક બીપીનચંદ્ર શાહ | ૩૫ | અંધેરી | ભાભાનો પાડો |

### અઠ્ઠાઈ

| | | | |
|---|---|---|---|
| ચિરાગ શનવીરભાઈ શાહ | ૩૫ | વાલકેશ્વર | અજીતનાથની પોળ |
| પ્રિયંકા કલ્પેશભાઈ શાહ | ૨૧ | બોરીવલી | ખેતરપાળનો પાડો |
| કલ્પનાબેન અતુલકુમાર શાહ | ૫૫ | પ્રાર્થના સમાજ | સંઘવીનો પાડો |
| શૈલેષભાઈ રમણલાલ શાહ | ૫૦ | અમદાવાદ | વાસુપુજ્યની શેરી |
| નિમીષાબેન જતીનકુમાર શાહ | ૪૫ | પુના | વખતજીની શેરી |
| શોભનાબેન પંકજભાઈ શાહ | ૬૪ | કાંદિવલી | પંચોટીનો પાડો |
| પ્રિયંકા કલ્પેશભાઈ શાહ | ૨૧ | બોરીવલી | ખેતરપાળનો પાડો |
| દર્શના અમીતભાઈ શાહ | ૪૫ | દાદર | કેશુશેઠનો પાડો |
| હર્ષ કૌષિકકુમાર શાહ | ૧૬ | સુરત | વખારનો પાડો |
| આસના મનીષભાઈ શાહ | ૧૮ | મરીન ડ્રાઈવ | ચૌધરીની શેરી |
| માલિનીબેન જયેશભાઈ શાહ | ૫૪ | ગોવાલીયા ટેંક | લખીયાર વાડો |
| શિરિષભાઈ હરસુખલાલ શાહ | ૫૦ | ગોવાલીયા ટેંક | લખીયાર વાડો |
| જીમિત શિરિષભાઈ શાહ | ૨૫ | ગોવાલીયા ટેંક | લખીયાર વાડો |
| તેજલ ઉત્પલભાઈ શાહ | ૪૦ | વિલે પાર્લા | ભાભાનો પાડો |
| ચાર્મી અભયભાઈ શાહ | ૨૧ | વિલે પાર્લા | ભાભાનો પાડો |
| સૌમીલ સુરેશભાઈ ઝવેરી | ૩૨ | અમેરિકા | મનમોહનજીની શેરી |
| રૂપાબેન દીપકભાઈ શાહ | ૫૪ | વાલકેશ્વર | મણીયાતી પાડો |
| પ્રિયા નીલેશભાઈ શાહ | ૧૬ | અંધેરી | બ્રાહ્મણવાડો |
| ભાવી નીલેશભાઈ શાહ | ૧૯ | અંધેરી | બ્રાહ્મણવાડો |
| રૂહાન ધર્મેશભાઈ ઝવેરી | ૧૦ | વાલકેશ્વર | તંબોલીવાડો |
| પારૂલ દર્શનભાઈ શાહ | ૩૧ | સુરત | લીમડીનો પાડો |
| ડીનલ હર્ષલભાઈ શાહ | ૨૬ | સુરત | ફોફ. પોળની શેરી |
| સના હીરેનભાઈ શાહ | ૬ | ગોરેગામ | કનાસાનો પાડો |
| ઋષભ અતુલભાઈ શાહ | ૨૫ | વાલકેશ્વર | અબજી મહેતાનો પાડો |
| નીપા મહેન્દ્રભાઈ શાહ | ૪૭ | મરીન ડ્રાઈવ | કોકાનો પાડો |
| પૂજા જીમીતભાઈ ચોધરી | ૧૨ | વિલેપાર્લા | ચૌધરીની શેરી |
| પ્રિયંકા બૈજુ શાહ | ૧૫ | પ્રભાદેવી | મારફતીયા મહેતાનો પાડો |
| હીરલ જતિનભાઈ શાહ | ૩૪ | તારદેવ | ચોધરીની શેરી |
| નીમેશભાઈ ધીરજલાલ શાહ | ૫૬ | અમેરીકા | મારફતીયા મહેતાનો પાડો |
| હેતલબેન ભાવિનભાઈ શાહ | ૩૭ | અંધેરી | મારફતીયા મહેતાનો પાડો |
| અંકિતા હર્ષ શાહ | ૨૭ | મરીન ડ્રાઈવ | મણીયાતી પાડો |
| દર્શિલ સંજયભાઈ શાહ | ૧૬ | ગોરેગામ | મારફતીયા મહેતાનો પાડો |
| નીયોની નીમેશ શાહ | ૧૪ | તારદેવ | કનાસાનો પાડો |
| નૈની નીમેશ શાહ | ૧૪ | તારદેવ | કનાસાનો પાડો |
| નીરજભાઈ દિનેશભાઈ શાહ | ૪૫ | ગોરેગામ | કનાસાનો પાડો |
| અમન નિમેષભાઈ શાહ | ૧૫ | ગોરેગામ | કનાસાનો પાડો |
| સનાયા નિમેષભાઈ શાહ | ૬ | ગોરેગામ | કનાસાનો પાડો |
| ચાર્મી ચિંતનભાઈ શાહ | ૩૨ | ગોરેગામ | ખડાખોટડીનો પાડો |
| જેનીના દેવાંગ હેમેન્દ્ર શાહ | ૨૨ | વિલે પાર્લા | કુંભારીયા પાડો |
| વિરાલી નીરવ ધરણેન્દ્ર શાહ | ૧૬ | વિલે પાર્લા | કુંભારીયા પાડો |

### ક્ષિર સમુદ્ર

| | | | |
|---|---|---|---|
| યામીની ભૂપેન્દ્રભાઈ શાહ | ૪૯ | કાંદિવલી | નિશાળનો પાડો |

## શ્રી પાટણ જૈન મંડળ: વાર્ષિક પારિતોષિક વિતરણ સમારોહ

એસ.એસ.સી., એચ.એસ.સી., કૉલેજ લેવલ, ડિગ્રી ડિપ્લોમાં કોર્સ તેમજ અનેક શૈક્ષણિક ક્ષેત્રોમાંથી સમાજના વિદ્યાર્થી ભાઈ-બહેનો તેમની વાર્ષિક પરીક્ષામાં ઉચ્ચ સ્તરના ગુણાંક મેળવીને ગૌરવપ્રદ સિદ્ધિ હાંસલ કરી છે તેમને મંડળ તરફથી પારિતોષિક તથા મેરિટ સર્ટિફિકેટ એનાયત કરી દર વર્ષે અભિવાદન કરવામાં આવે છે, તેમ જ વર્ષ દરમ્યાન **'પાટણ પ્રતિબિંબ'માં** પ્રકાશિત થયેલી કૃતિઓમાંથી પસંદગી પામેલ શ્રેષ્ઠ કૃતિઓના લેખક ભાઈ-બહેનોનું **શ્રી નેમચંદ જેશંગલાલ શાહ (ગુંદરવાલા) સાહિત્ય પારિતોષિક** એનાયત કરી અભિવાદન કરવા માટેના સમારંભનું આયોજન કરાયેલ છે.

**દિનાંક : રવિવાર, તા. ૨૨-૧૧-૨૦૧૫**
**સમય : બપોરે ૩ થી ૪.૩૦ કલાકે**
**સ્થળ : હિંદી વિદ્યા ભવન, ૭૯ પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ - ૪૦૦૦૨૦**

આ સમારંભમાં ઘણા વિદ્યાર્થીઓએ ઈનામ મેળવવા અંગેનું ફોર્મ ભરેલ છે, છતાં કોઈક વિદ્યાર્થીનું ફોર્મ ભરવાનું રહી ગયેલ હોય તો, તેવા વિદ્યાર્થીઓએ ઉપરોક્ત **અભ્યાસક્રમ અંગેના છેલ્લી વાર્ષિક પરીક્ષાના પરિણામની ઝેરોક્ષ નકલ સાથે ફોર્મ ભરીને તા. ૦૬-૧૧-૨૦૧૫ સુધીમાં મંડળના મુખ્ય કાર્યાલયમાં મોકલાવી આપવું.**

❑ **શિક્ષણ સમિતિ**

## મોબાઈ તથા ઈમેલ ફેરફાર

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા ઑક્ટોબર ૨૦૧૩માં ''પરિવાર પરિચય'' (વસતી પત્રક)નું પ્રકાશન કરવામાં આવેલ. જેમાં સમાજના પરિવારોની રહેઠાણ, મોબાઈલ, ઘરના નંબર તથા ઈમેલની વિગતોને લગભગ ત્રણ વર્ષ જેટલો સમય પસાર થઈ ગયેલ છે. સંસ્થા દ્વારા સમાજની પ્રવૃત્તિઓની ખબર ઘરેઘર પહોચાડી શકવાના ઉદ્દેશથી હાલના મોબાઈલ નંબર કે ઈમેલ સરનામાં સિવાય બીજો કોઈ સરળ સાધન નથી.

સમાજને અગત્યની વિગતો મોબાઈલ દ્વારા મોકલવાના પ્રયત્ન કરતાં લગભગ અડધાથી વધુ પરિવારોના મોબાઈલ DNDમાં હોઈ પહોંચી શક્યા નથી. તેમજ પ્રિન્ટીંગમાં ક્ષતિ કે અધૂરી મહિતીના પરિણામે ઉપલબ્ધ ઈમેલ સરનામાના કારણે પણ ઘણા ઈમેલ પરત આવેલ.

સર્વે પરિવારોને ખાસ આગ્રહપૂર્વક જણાવવાનું કે આપના બદલાયેલ મોબાઈલ નંબર અથવા **DNDમાં ન હોય એવા નંબરો તેમજ વસતી પત્રકમાં પ્રકાશિત થયેલ ઈમેલ સરનામામાં કોઈપણ ફેરફાર હોય, આપના નવા ઈમેલ આઈડી અમોને વહેલામાં વહેલી તકે નીચે જણાવેલ મોબાઈલ અથવા ઈમેલ પર મોકલી આપવા વિનંતી છે.** આપનું પુરુનામ, પાટણનો મહોલ્લો તથા શક્ય હોય અને માહિતી હોય તો આપનો ફેમીલી આઈડી (જે પાટણ પ્રતિબિંબના છેલ્લા પાને આપના નામ સરનામાં સાથે પ્રકાશિત કરાય છે) તેનો ઉલ્લેખ અવશ્ય કરશો.

**મોબાઈલ: 9167902267 • email: patanmandal@gmail.com**

❑ **શ્રી પાટણ જૈન મંડળ**

## અભિનંદન

• પાટણ ખેતરવસી મહાદેવાની શેરી હાલ વિલે પાર્લે સ્થિત શ્રીમતી નિકીતા તથા શ્રી ધીરેનભાઈ પ્રવિણચંદ્ર શાહના **પુત્ર ચિ. હર્ષિલ** સને ૨૦૧૫માં મુંબઈ યુનિવર્સિટી દ્વારા લેવાયેલ બી.ઈ. પોડક્શન એન્જિનિયરીંગની પરીક્ષામાં ડી.જે. સંઘવી કૉલેજના આઠેય સેમીસ્ટરમાં મોખરે રહેવા સાથે સમગ્ર યુનિવર્સીટીમાં **૮૩.૨૪% ગુણાંક પ્રાપ્ત કરી ટોપનું સ્થાન મેળવી ઉત્તીર્ણ થઈ**, હળહળતી સફળતા પ્રાપ્ત કરેલ છે.

**ચિ. હર્ષિલ** અન્જિનિયરીંગ ક્ષેત્રે ખૂબજ પ્રગતિ કરી પરિવાર તથા સમાજનું નામ રોશન કરે તેવી શુભેચ્છા.

• પાટણ કનાસાના પાડાના, હાલ પ્રભાદેવી સ્થિત શ્રીમતી પારમીતાબેન તથા શ્રી તુષારભાઈ જયંતિલાલા શાહની **સુપુત્રી ચિ. કોમલ** The Institute of Company Secretaries of India દ્વારા સને ૨૦૧૫માં **સી.એસ ફાઈનલ** લેવલમાં **ભારતભરમાંથી ભાગ લેનાર વિદ્યાર્થીઓમાં ત્રીજો ક્રમાંક** મેળવી ઝળહળતી સિદ્ધિ સાથે ઊત્તીર્ણ થયેલ છે તે બદલ અભિનંદન.

**ચિ. કોમલ** શિક્ષણ ક્ષેત્રે દિનપ્રતિદિન પ્રગતિની તથા શિખરો સર કરે તેવી શુભેચ્છા.


## શ્રી પાટણ પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા

ટાંગડિયા વાડો, પાટણ–ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩

### નૂતન સહાય યોજના

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/- • સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**
**કાયમી તિથિ: રૂા. ૩૧,૦૦૦/- • દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.
**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.
**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦–જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે. એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે. આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

**વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ - મો. ૯૮૨૧૦૧૨૫૧૮**
**સૌજન્ય : મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કાું., મુંબઈ**

ADVT

# સાભાર સ્વીકાર

**શ્રીમતી નિર્મળાબેન શાંતિલાલ રીખવચંદ શાહ સ્ત્રીઉદ્યમ તાલીમ ફંડ**
૩,૦૦,૦૦૦ શ્રી ચિરાગભાઈ દિનેશભાઈ શાહ (બ્રાહ્મણ વાડો)
હ. શ્રી યશ ચિરાગભાઈ શાહ

**વિકલાંગ ઉત્કર્ષ કોરપસ ફંડ**
૧,૨૫,૦૦૦ જે.કે. ફાઉન્ડશન
હ. શ્રીમતી ચારૂબેન ધીરેનભાઈ શાહ

**સમાજ ઉત્કર્ષ ભેટ**
૧,૦૦,૦૦૦ શ્રી અમીતભાઈ બાબુલાલ શાહ (ખેજડાનો પાડો)
૨૫,૦૦૦ શ્રીમતી શારદાબેન વિનુભાઈ શાહના સ્મરણાર્થે (કેશુશેઠનો પાડો)
હ. શ્રી નિતીનભાઈ વિનુભાઈ શાહ

**વિકલાંગ ઉત્કર્ષ કોરપસ ફંડ**
૬૦,૦૦૦ શ્રી અલ્કેશ ભદ્રકુમાર મેમોરીયલ ટ્રસ્ટ (ખેતરપાળનો પાડો)
૨૫,૦૦૦ શ્રીમતી ઈલાબેન વિરેન્દ્રભાઈ મહાસુખલાલ શાહ (મણિયાતી પાડો)
સ્વ. દર્શીની વિરેન્દ્રભાઈની પ્રથમ માસિક તિથિ નિમિત્તે

**શૈક્ષણિક સહાય કોરપસ ફંડ**
૧૧,૦૦૦ શ્રી તેજલબેન ભાવિનભાઈ વિરેન્દ્રભાઈ શાહ (મણિયાતી પાડો)
સ્વ. દર્શીની વિરેન્દ્રભાઈની પ્રથમ માસિક તિથિ નિમિત્તે

**હેલ્થકેર સાધન ભેટ**
૧૧,૦૦૦ શ્રી શાંતારામભાઈ કામત

**મેડીકલ સહાય કોરપસ ફંડ**
૧૧,૦૦૦ શ્રી ભાવિનભાઈ વિરેન્દ્રભાઈ શાહ (મણિયાતી પાડો)
સ્વ. દર્શીની વિરેન્દ્રભાઈની પ્રથમ માસિક તિથિ નિમિત્તે

**શ્રુતજ્ઞાન પ્રદાન નિધિ સહાય કોરપસ ફંડ**
૧૧,૦૦૦ શ્રી દર્શ અને આઈશા ભાવીનભાઈ શાહ (મણિયાતી પાડો)
સ્વ. દર્શીની વિરેન્દ્રભાઈની પ્રથમ માસિક તિથિ નિમિત્તે

**વિકલાંગ ઉત્કર્ષ ભેટ**
૧૧,૦૦૦ શ્રીમતી ભારતીબેન હસમુખલાલ શાહ (પોળની શેરી)
શ્રીમતી આશાબેન જિતેન્દ્રકુમાર શાહ (કનાસાનો પાડો)
(બન્ને ફઈઓ તરફથી)
સ્વ. દર્શીની વિરેન્દ્રભાઈ શાહની પ્રથમ માસિક તિથિ નિમિત્તે
૫,૧૦૦ પાટણ જૈન દેરાસર ટ્રસ્ટ, પાટણ
'દિશા'ના બાળકોએ શિતલનાથ પ્રભુના દેરાસરમાં ભાવના કરી તે નિમિત્તે
૫,૦૦૦ શ્રીમતી અંજુબેન શૈલેષભાઈ શાહ
સ્વ. શ્રીમતી કુસુમબેન સૂર્યકાંતભાઈ શાહના સ્મરણાર્થે (અમદાવાદ)

**શિક્ષણ સહાય તથા દવા સહાય ભેટ**
૧૦,૦૦૦ ડૉ. રીતુબેન શૈલેષકુમાર મહેન્દ્રભાઈ શાહ (વખતજીની શેરી) MD Opthalmologist (દિલ્હી)ની પરીક્ષામાં પાસ થયાની ખુશાલીમા

**દવા સહાય ભેટ**
૫,૦૦૧ શ્રી મુકેશભાઈ જશવંતલાલ શાહ (કનાસાનો પાડો)

## પોસ્ટ ગ્રેજ્યુએટ - મેરીટ સ્કોલરશીપ

**શ્રી પાટણ જૈન મંડળ તથા શ્રી કેશવલાલ કીલાચંદ ચેરીટેબલ ટ્રસ્ટ** દ્વારા સંયુક્તપણે પ્રતિવર્ષ પોસ્ટ ગ્રેજ્યએશનનો અભ્યાસ કરનાર પ્રતિભાશાળી / તેજસ્વી વિદ્યાર્થી ભાઈ-બહેનોને તેમની **શૈક્ષણિક ગુણવત્તાના ધોરણે વાર્ષિક રૂા. ૧૦,૦૦૦/-** (અંકે રૂપિયા દસ હજાર) ની એક એવી બે પોસ્ટ ગ્રેજ્યુએટ મેરીટ સ્કોલરશીપ આપવામાં આવે છે.

તદ્અનુસાર બિઝનેશ મેનેજમેન્ટ, મેડીકલ સાયન્સ, કૉમ્પ્યુટર એન્જિનિયરીંગ, આઈએએસ અથવા ડૉક્ટરેટ પી.એચ.ડી. (કોઈપણ વિષય) તેમજ આવા પ્રકારના ઉચ્ચ કક્ષાના પોસ્ટ ગ્રેજ્યુએશન કોર્ષમાં ઉત્તિર્ણ થયેલા વિદ્યાર્થી ભાઈ-બહેનોને મેરીટ સ્કોલરશીપ આપવા અંગેના અરજી પત્રકો મંગાવવામાં આવે છે. આ અંગેનું ફોર્મ મંડળના કાર્યાલયમાંથી મેળવી સંપૂર્ણ વિગતો સહ ભરીને **તા. ૦૬-૧૧-૨૦૧૫ સુધીમાં પરત મોકલાવી આપવા વિનંતી છે.**

**પ્રસ્તુત સ્કોલરશીપ માટે વિદ્યાર્થીઓની શૈક્ષણિક ક્ષેત્રની તેજસ્વીતાને જ પ્રાધાન્ય અપાય છે, જેની ખાસ નોંધ લેવી.**

❑ **શિક્ષણ સમિતિ**

## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ, પરિવારના દુઃખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્ગતના આત્માને ચિરશાંતિ અર્પે એ જ પ્રાર્થના!

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| વિશા પોરવાળ | કનાસાનો પાડો | મુકેશભાઈ જસવંતભાઈ શાહ | ૬૧ | ગોરેગામ | ૨૧-૯-૨૦૧૫ | ભાદરવા સુદ-૮ |
| વિશા શ્રીમાળી | મનમોહનજીની શેરી | ચંદ્રકાંતાબેન સેવંતીલાલ પટણી | ૮૩ | વિલે પાર્લા | ૨૪-૯-૨૦૧૫ | ભાદરવા સુદ-૧૧ |
| સાલવી | સાલવી વાડો | બીના અતુલકુમાર સાલવી | ૫૨ | અમદાવાદ | ૨૪-૯-૨૦૧૫ | ભાદરવા સુદ-૧૧ |
| વિશા પોરવાળ | ચિતારાની ખડકી | સ્મિતાબેન નવનીતલાલ પત્રાવાલા | ૭૭ | વિલે પાર્લા | ૨૭-૯-૨૦૧૫ | ભાદરવા સુદ-૧૪ |
| વિશા શ્રીમાળી | વખતજીની શેરી | સરસ્વતીબેન ચંદુલાલ શાહ | ૮૦ | બોરીવલી | ૨૮-૯-૨૦૧૫ | ભાદરવા સુદ-૧૫ |
| દશા ઓસવાલ | ચોધરીની શેરી | બાલુભાઈ મંગળદાસ શાહ | ૯૪ | પ્રાર્થના સમાજ | ૩૦-૯-૨૦૧૫ | ભાદરવા વદ-૩ |
| વિશા શ્રીમાળી | મણીયાતી પાડો | યશવંતભાઈ મણીલાલ શાહ | ૭૪ | અમદાવાદ | ૫-૧૦-૨૦૧૫ | ભાદરવા વદ-૮ |
| વિશા શ્રીમાળી | મનમોહનજીની શેરી | કંચનલાલ વાડીલાલ શાહ | ૮૮ | અંધેરી | ૧૩-૧૦-૨૦૧૫ | આસો સુદ - ૧ |

*ચક્ષુદાન કરેલ છે ✷ દેહદાન કરેલ છે ● યુવાનીમાં રક્તદાન ● મૃત્યુબાદ ચક્ષુદાન ● ત્વચાદાન ● અંગદાન * * દેહદાન કરો અને કરાવો

# દાંડિયારાસનો અહેવાલ





દાંડિયા રાસના સૌજન્ય દાતા શ્રી રમેશભાઈ છબીલદાસ ઝવેરી તથા શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર માટલીવાલાનું અભિવાદન કરતા પ્રમુખ શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ તથા ઉપપ્રમુખ શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ



વિજેતાને પારિતોષિક એનાયત કરતા શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ

શ્રી પાટણ જૈન મંડળ પ્રોગ્રામ સમિતિ, જીવન મહેક તથા વિલેપાર્લા ચેપ્ટરના સહયોગથી શનિવાર, તા. ૧૦-૧૦-૨૦૧૫ના દિને જશોદા રંગ મંદિર, વિલે પાર્લા ખાતે લગભગ દોઢ દાયકા બાદ દાંડિયારાસનું ભવ્ય આયોજન કરવામાં આવેલ, જેમા લગભગ ૨૦૦૦ સદસ્યો જોડાયા હતા.

કૃષ્ણપક્ષની અંધારી રાત્રી હોવા છતાં ઝગમગતી રોશની અને જુહુ રોડ નં. ૧ના પ્રખ્યાત શ્રી મનીષ પારેખ ડ્રમ બીટ્સના ૨૦થી વધુ સાંજીદાઓ અને ગાયક કલાકારોના કર્ણપ્રિય સંગિતના સુરીલા તાલે હેલે ચઢેલ હૈયા એવા તો ઝુમ્યા કે ક્યા સાડા ત્રણ કલાક વ્યતીત થઈ ગયા અને ઈનામોની જાહેરાત કરવાનો સમય સુદ્ધા આવી પહોંચ્યો એની જાણ પણ ના રહી. એ માહોલ જ એવો હતો કે સંગીતના તાલે આપોઆપ પગ રાસ રમવા થનગની રહ્યા હતા.

શ્રી પાટણ જૈન મંડળના પ્રમુખ શ્રી દિનેશભાઈ શાંતિલાલ, ઉપ પ્રમુખો શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ, શ્રી દિપકભાઈ રેવંતીલાલ, શ્રી રોહીતભાઈ મહાસુખલાલ શાહ, શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર માટલીવાળા તથા શ્રી યશવંતભાઈ હરીલાલ ઝવેરી ટ્રસ્ટીશ્રી અને અન્ય હોદ્દેદારો શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ, શ્રી અશ્વીનભાઈ પનાલાલ, શ્રી હિતેનભાઈ ચંપકલાલ વિમાવાળા, શ્રી નિખિલભાઈ મહેન્દ્રભાઈ બેન્કર ઈત્યાદિ એડમીનીસ્ટ્રેશન મંત્રીઓ તેમજ શ્રી જ્યોતિન્દ્રભાઈ જયંતિલાલ દેવડાવાળા, શ્રી શૈલેષભાઈ સેવંતીલાલ, શ્રી દેવેશભાઈ રમેશચંદ્ર ઈત્યાદિ ફાયનાન્સ માનદમંત્રીઓની સાથોસાથ ત્રણેય સમિતિઓના માનદમંત્રીઓ પણ હાજર રહી કાર્યક્રમની શોભામાં અભિવૃદ્ધિ કરી રહ્યા હતા.

શ્રીમતી રેખાબેન બી. વીરા, શ્રીમતી ક્ષીતીજાબેન પરીખ, શ્રીમતી ફાલ્ગુનીબેન મિલનભાઈ શાહ તથા શ્રીમતી ઈલાબેન કુમારપાળભાઈ શાહ વગેરે નિર્ણાયકો તરીકે નિયુક્ત કરવામાં આવેલ. જેમણે ખૂબ જ જહેમત લઈ વિજેતા ભાઈ-બહેનોને જાહેર કર્યા હતા. તે બદલ તે સર્વે નિર્ણાયકો પ્રત્યે આભારભાવ વ્યક્ત કરવામાં આવે છે. મજકુર વિજેતા ભાઈ-બહેનોને ઈનામ પારિતોષિક રૂપે માઈક્રોવેવ ઓવન, સુમીત મીક્સચર, પોપકોન મશીન, ઈલેક્ટ્રીક ટીફીન, ગ્રીલ સેન્ડવીચ મશીન, ઈસ્ત્રી, ટ્રાવેલીંગ બેગ, કપલ વોચ તેમજ રોકડ પ્રાઈઝ ઈત્યાદિ જેવા આકર્ષક આઈટમો આપવામાં આવ્યા.

વિજેતા ભાઈ-બહેનોને મંડળના હોદ્દેદારો, સૌજન્ય દાતાઓ, ત્રણેય સમિતિના હોદ્દેદારો શ્રીમતી અલ્પા વિનેશભાઈ શાહ, શ્રી ભાવેશ સુધીરભાઈ શાહ, શ્રી રાજીવ કેશરીચંદ શાહ, શ્રી મુકેશભાઈ સેવંતીલાલ શાહ, શ્રીમતી રાગેણીબેન ભરતભાઈ શાહ, શ્રી વિનેશ અરવિંદભાઈ શાહ, શ્રી નીતીનભાઈ રમણલાલ પટણી તથા શ્રી પ્રફુલભાઈ કાંતિલાલ શાહ, શ્રી સુનિલભાઈ શશીકાંત ઝવેરી, શ્રી ચેતન મધુકાન્તભાઈ શાહ, શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી, શ્રી પંકજભાઈ ગુલાબચંદ શાહ, શ્રી રાજેશભાઈ અરવીંદભાઈ શાહ, શ્રી ચેતનભાઈ નવીનચંદ્ર શાહ ઉપરાંત મંડળના મેનેજર શ્રી મનુભાઈ જોશીના વરદ હસ્તે ઈનામોનું વિતરણ કરવામાં આવ્યું.

સ્ટેજ કાર્યક્રમ દરમ્યાન મંડળના **પ્રમુખ શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ તથા શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ** દ્વારા પ્રાસંગિક ઉદ્‌બોધનમાં આમંત્રિત સભ્યોની જહેમતને બિરદાવવામાં આવેલ, તેમજ સહભાગી થનાર સર્વે સભ્યો પ્રત્યે આભાર વ્યક્ત કરવામાં આવેલ. દાંડિયા રાસના વિશાળ ખર્ચને પહોંચી વળવા સૌજન્ય દાતાશ્રીઓ **શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી પરિવાર (મનમોહનજીની શેરી)** તથા **શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર માટલીવાળા** પરિવાર (કનાસાનો પાડો) તરફથી પ્રાપ્ત થયેલ આર્થિક સહયોગ બદલ અંતઃકરણપૂર્વક આભાર માનવામાં આવેલ.

મંડળના ઉપ પ્રમુખ શ્રી રોહીતભાઈ મહાસુખલાલ શાહ દ્વારા, ગ્રાઉન્ડ બુકીંગથી લઈ કાર્યક્રમની પૂર્ણાહુતી પર્યન્ત સક્રિયપણે કાર્યરત રહી સફળતા અપાવનાર સર્વે ભાઈ બહેનો પ્રતિ તેમજ મંડળના સર્વ કાર્મચારીઓ પ્રત્યે આભાર વ્યક્ત કરવામાં આવેલ.

શ્રી હરીશભાઈ મફતલાલ ચોક્સી તથા શ્રી જનકભાઈ અરવિંદભાઈ શાહનો દાંડિયા રાસ અંગેની સઘળી કાર્યવાહીમા



ઓરકેસ્ટ્રા - ગાયક કલાકારો



ઉપપ્રમુખ શ્રી રોહીતભાઈ મહાસુખલાલ શાહનું વ્યક્તવ્ય



દાતાશ્રી અને કાર્યકરો



હેલે ચઢેલ હૈયા




ઉપસ્થિત જનમેદની

સહયોગ પ્રાપ્ત થયેલ તે બદલ આભાર વ્યક્ત કરવામાં આવે છે.

આ પ્રસંગે મુંબાદેવી ખાતેના વિધાન સભ્ય **શ્રી રાજ કે પુરોહીત,** વિલે પાર્લા કેળવણી મંડળ તથા ગરવારે ક્લબના ઉપપ્રમુખ **શ્રી પ્રવિણભાઈ ગાંધી** અને **શ્રી ભાર્ગવ પટેલ** ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભામાં અભિવૃદ્ધિ કરેલ.

પ્રોગ્રામ સમિતિના, જીવન મહેક સમિતિ તથા વિલે પાર્લા ચેપ્ટરના સર્વે સભ્યોએ દાંડિયા રાસ કાર્યક્રમને સફળ બનાવવા લીધેલ જહેમત બદલ સર્વસભ્યો પ્રતિ આદરભાવ વ્યક્ત કરવા આવે છે.

## દાંડિયા રાસના વિજેતાઓ

### ૬ વર્ષથી નાના

**પ્રથમ ઈનામ :** પલાશ વીરલ શાહ

### ૭ થી ૧૫ વર્ષ

| | છોકરી | છોકરા |
|---|---|---|
| **પ્રથમ ઈનામ :** | પાર્થી શાહ | શ્રેયા શાહ |
| **દ્વિતિય ઈનામ :** | મહેક શાહ | ક્રિશ શાહ |
| **તૃતિય ઈનામ :** | સાક્ષી શાહ | નમન રાણા |

**બેસ્ટ ડ્રેસ**

| | છોકરી | છોકરા |
|---|---|---|
| **પ્રથમ ઈનામ :** | ઋત્વી શાહ | નમન શાહ |

### ૧૬ થી ૪૦ વર્ષ

| | છોકરી : | છોકરા |
|---|---|---|
| **પ્રથમ ઈનામ :** | દિશાલી શાહ | અન્શુલ શાહ |
| **દ્વિતિય ઈનામ :** | ડીમ્પી શાહ | હર્ષિત શાહ |
| **તૃતિય ઈનામ :** | હીરલ શાહ | નીલ શાહ |

**બેસ્ટ ડ્રેસ**

| | છોકરી | છોકરા |
|---|---|---|
| **પ્રથમ ઈનામ :** | ભૂમિકા શાહ | જીનેશ શાહ |

### ૪૧ થી ૬૦ વર્ષ

| | સ્ત્રી | પુરુષ |
|---|---|---|
| **પ્રથમ ઈનામ :** | દીપાલી ગાંધી | શૈલેષ હેમાની |
| **દ્વિતિય ઈનામ :** | સુનીતા ઝવેરી | જનક શાહ |
| **તૃતિય ઈનામ :** | ફાલ્ગુની શાહ | રાજેન્દ્ર શાહ |

**બેસ્ટ ડ્રેસ**

| | સ્ત્રી | પુરુષ |
|---|---|---|
| **પ્રથમ ઈનામ :** | શ્રીમતી સ્નેહા ઝવેરી | શ્રી કલ્પેશ રમેશચંદ્ર ઝવેરી |

### ૬૦ વર્ષથી ઉપરના

**પુરુષ :** શ્રી રાજેશ પ્રેમચંદ શાહ
શ્રી જશવંતલાલ મણીલાલ શાહ

**સ્ત્રી :** શ્રીમતી લતાબેન દિપકભાઈ શાહ

**બેસ્ટ કપલ**

**પ્રથમ ઈનામ :** શ્રીમતી રીતુ અને રોનક ઝવેરી
**દ્વિતિય ઈનામ :** કાનન અને જીનેશ શાહ


# કનાસા કલ્યાણ કેન્દ્ર

કનાસા કલ્યાણ કેન્દ્ર પાટણ

## દશેરા - દિવાળીના તહેવારો માટે સ્પેશીયલ ઑફર

પાટણની સ્વાદિષ્ટ મીઠાઈઓ જેમ કે, મોહનથાળ, દેવડા, મગદળ, બરફી ચુરમુ ઉપરાંત શુદ્ધ ઘીના સફેદ ખાખરા, મસાલા ખાખરા, મીઠી અને તીખી મુગડીના ખાખરા, સાજી તથા મરીના સફેદ તથા લાલ પાપડ માટે તમારી ઑર્ડર નોંધાવી.

## મિઠાઈ ઓછામાં ઓછા ૨૦ કિલોના ઓર્ડરથી બનાવી આપવામાં આવશે

સંપર્ક : મુંબઈ- જીતુભાઈ - ૦૨૨ ૩૨૦૫૩૬૯૦ • પાટણ-જયેશભાઈ - ૦૯૯૨૦૩૮૫૫૯૭

**અતિથિગૃહ**

- KKKના અતિથિગૃહમાં ૪ બ્લોક તથા શ્રી શીતલ શાંતિભવન ખાતેના ત્રણ બ્લોકોની વ્યવસ્થા છે.
- આ દરેક બ્લોકમાં એસી, ટીવી તથા ગરમપાણી સહીત અધતન સુવિધાઓ ઉપલબ્ધ છે.
- નવકારશી, બપોરના જમવા સાથે ચઉવિહારની સગવડ છે.
- પાટણ દર્શનની વ્યવસ્થા કરી આપવામાં આવશે.

કનાસા કલ્યાણ કેન્દ્ર બુકિંગ માટે સંપર્ક - પાટણ ૦૨૭૬૬ ૨૨૪૭૨૦
જનકભાઈ બાલુભાઈ શાહ : ૦૯૩૨૩૧ ૧૫૭૧૪ • કમલભાઈ બાબુભાઈ શાહ : ૦૯૮૨૦૦ ૬૩૭૬૨
શ્રી શીતલ શાંતિભવન બુકીંગ માટે સંપર્ક :
શરદ પટવા - પાટણ - ૦૨૭૬૬૨૨૦૦૪૦ • શૈલેષ કેશવલાલ શાહ - ૯૮૨૧૦૨૩૬૯૩

ADVT

## શ્રી પાટણ જૈન મંડળમાં પ્રાપ્ત થયેલ ભેટના દાતાશ્રી (તા. ૧૬-૮-૨૦૧૫ થી તા ૧૫-૧૦-૨૦૧૫)



શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ
(રૂા. ૩ લાખ)



શ્રીમતી નયનાબેન દિનેશભાઈ શાહ



શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ
(રૂા. ૩ લાખ)



શ્રીમતી કલ્પનાબેન વિરેન્દ્રભાઈ શાહ



શ્રી મહાસુખલાલ પોપટલાલ શાહ
(રૂા. ૨ લાખ)



શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ
(માટલીવાળા) (રૂા. ૨ લાખ)



શ્રી કલ્પેશ રમેશચંદ્ર ઝવેરી
(રૂા. ૨ લાખ)



શ્રીમતી પ્રજ્ઞાબેન દિપકભાઈ શાહ
(રૂા. ૧.૨૫ લાખ)



શ્રી પરેશભાઈ જીવણલાલ ખાંડવાલા
(રૂા. ૨.૫૦ લાખ)



શ્રી જીવણલાલ નાથાલાલ ખાંડવાલા



શ્રીમતી શારદાબેન વિનુભાઈ શાહ
(રૂા. ૧.૨૫ લાખ)



શ્રીમતી ચારૂબેન ધીરેનભાઈ શાહ
(રૂા. ૧.૨૫ લાખ)

## શ્રી ભો. દો. સા. વિદ્યાલયના વિદ્યાર્થીઓની વિરલ સિધ્ધિ

શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત, શ્રી ભો. દો. સા. વિદ્યાલય, પાટણના ૧૨માં સાયન્સના બે વિદ્યાર્થીઓ **મોદી અનેરી શૈલેષભાઈ (૯૯.૭૭ P.R.) અને કોઠારી મૌલિક મુકેશભાઈ (૯૯.૬૪ P.R.)** ને Reliance Foundation તરફથી 'ધીરુભાઈ અંબાણી' સ્કોલરશીપ માટે પસંદ કરાયા છે.

બન્ને વિદ્યાર્થીઓને રૂા. ૪૧૦૦૦/- ની સ્કોલરશીપ મળશે. આ બન્ને વિદ્યાર્થીઓએ ગવર્મેન્ટ ગ્રાન્ટેડ મેડિકલ કૉલેજમાં એડમીશન મેળવી આપણી શાળાનું ગૌરવ વધારેલ છે. તે બદલ સંસ્થા તરફથી અભીનંદન.

W.P.P. License No. MR/TECH/WPP-120/South /2015. License to post without prepayment.
PATAN PRATIBIMB • October 2015 • PRICE Rs. 2/- • Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001
Published on 15th of every month on 25th and 26th of every month. Postal Regd. No. MCS / O84 / 2015-17

## શતાબ્દી ઉજવણીનો શુભારંભ

શ્રી પાટણ જૈન મંડળની સ્થાપનાને આજે ૧૦૩ વર્ષ પૂર્ણ થવાની તૈયારીમાં છે ત્યારે તેના ૧૦૩ વર્ષના ઝળહળતા સંસ્મરણોની શતાબ્દી ઉજવવા સંસ્થા તથા તેના સર્વે હોદ્દેદારો થનગની રહ્યા છે.

શિક્ષણના પ્રચાર અને પ્રશારના મુખ્ય ઉદ્દેશ સાથે મુંબઈ ખાતે સને ૧૯૧૨માં ૧૬મી ડિસેમ્બરના શુભ દિને તે સમયના કેટલાક સદસ્યોની દીર્ઘદ્રષ્ટિના પરિણામે શ્રી પાટણ જૈન મંડળની સ્થાપના થયેલ ત્યારબાદ સમયાંતરે સખાવતી દાતાઓ અને કર્તવ્યશીલ કાર્યકરોના વિચારોના આદાનપ્રદાનના પરિણામે શિક્ષણ પ્રવૃત્તિની સાથોસાથ મેડિકલ, આર્થિક સહાય, મહિલા ઉત્કર્ષ, વિકલાંગ ઉત્કર્ષ, હાઉસિંગ પ્રોજેક્ટ, વિદ્યાલય, છાત્રાલય, સ્વીમીંગપુલ, અતિથિગૃહ, જ્ઞાનપીઠ, દિશા કાર્યશાળા, રમતગમત, સમુહલગ્ન, સ્નેહ સંમેલન, યુવા પરિચય મિલન, વસતી પત્રક તથા પાટણ પ્રતિબિંબ પ્રકાશન જેવી અનેકવિધ સમાજ ઉત્કર્ષની પ્રવૃત્તિઓનો એક પછી એક પ્રારંભ કરી સમાજના પરિવારોને સહાયક થવાની શક્યતઃ પ્રયત્નોને સફળતાપૂર્વક પાર પાડેલ છે.

સાથોસાથ સમગ્ર વર્ષ દરમ્યાન શતાબ્દી ઉજવણી શાનદાર કરવાનું આયોજન છે. જેમાં સમાજના સર્વે પરિવારજનોને ઉમળકાભેર ભાગ લેવા વિનંતી.

## કૉલેજ સંકુલ-નૂતન મકાનનું ભુમિ પૂજન

શતાબ્દી ઉજવણીના પ્રારંભે પાટણ ખાતે તેના ૧૦૪ સ્થાપના દિન તા. ૧૬-૧૨-૨૦૧૫ના, સવારે ૯.૩૦ થી ૧૧.૦૦ તેમજ શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત સંકુલ, આટર્સ, સાયન્સ અને કોમર્સ કૉલેજના નૂતન મકાનનું ભુમિ પૂજન સવારે ૧૧.૦૦ થી ૧૨.૦૦ વાગે ગુજરાતના **રાજ્યપાલ માનનીય શ્રી કોહલીજી સાહેબ**ના વરદ હસ્તે શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય સંકુલ, પાટણ ખાતે કરવામાં આવશે.

પાટણ આવવા જવાની ટિકિટો શક્ય હોય તો **દુરોંતો** એક્ષપ્રેસની કરાવશો જેથી પુરા દિવસના કાર્યક્રમમાં આપ ઉપસ્થિત રહી શકો.

### Centenary Celebrations

| S No | Committee | Day | Date | Tithi | Time | Place | Program |
|---|---|---|---|---|---|---|---|
| 1 | **PJM Body** | Wed | **16-Dec** | Mag S 5 | 9.30 - 11.00 am | Patan | **Beginning of Centenary Celebrations** |
| 2 | **Colleges** | Wed | **16-Dec** | Mag S 5 | 11.00 - 12 pm | Patan | **College Bhumi Pujan** |

### Programs for November 2015

| S No | Committee | Day | Date | Tithi | Time | Place | Program |
|---|---|---|---|---|---|---|---|
| 1 | **Medical Comm.** | Sun | **01-Nov** | Aso V 6 | 10.00 am | Bombay Hospital New Bldg., 4th Flr. | **Dr. Get - togather** |
| 2 | **Patan Panjrapole** | Sun | **01-Nov** | Aso V 6 | 6.30 pm | Jamshed Bhabha Auditorium, N Point | **Musical Program** |
| 3 | **Education** | Sun | **22-Nov** | Kar S 11 | 3 to 4.30 pm | Hindi Vidya Bhavan | **Prize Distribution** |
| 4 | **Program** | Sun | **22-Nov** | Kar S 11 | 4.30 to 7.00 pm | Marine Drive | **New Year Sneh Sammelan** |

### Tentative Programs for Forthcoming Months

| S No | Committee | Day | Date | Tithi | Time | Place | Program |
|---|---|---|---|---|---|---|---|
| 1 | **Viklang** | Sat<br>Sun | **5-Dec**<br>**6-Dec** | Kar V 10<br>Kar V 10 | 9 to 4 am<br>9 to 12 am | Patan<br>Patan | **Physiotherapy Camp** |
| 2 | **Program** | Sun | **10-Jan** | Posh S 1 | 9 to 1 pm | Yogi Sabhagruh | **Navkar Mantra Jaap** |

## Centenary Celebrations

Wednesday, 16th Dec-2015 is the beginning of Centenary Celebrations at 9.30 am at Patan.

New College Building Bhoomi Pujan on the same day at the hands of Governor of Gujarat, Hon. Shri O. P. Kohli from 11.00 am onwards

All are welcome to Participate in full day celebrations.

TO,

Edited, Printed & Published by MAHENDRA NEMCHAND SHAH on behalf of SHRI PATAN JAIN MANDAL and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service industries, Dadaji Knoddev Cross Road, Byculla, Mumbai-400027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.